સુવિચાર
પોતાના પૂજ્યોને આદર-માન આપવાવાળાની ઉંમર, વિદ્યા, યશ તથા બળ ચારે પદાર્થો નિરંતર વધે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૫/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૨૪

## અમરેલી જિલ્લાનાં શહેરી વિસ્તારમાં શ્વાન અને ગ્રામ્ય અને ગીરકાંઠાનાં વિસ્તારમાં રાનીપશુઓ બેકાબુ

# દીપડાએ ૩ વર્ષનાં બાળક અને સિંહણે ૫ મહિનાનાં બાળકને ફાડી ખાધા

**છેલ્લા ૧૨ કલાકમાં લીલીયાનાં ખારા અને સાવરકુંડલાનાં કરજાળા ગામે અરેરાટી ઉભી કરે તેવી ઘટના બની**

**કરોડો રૂપિયાનાં ખર્ચથી ચલાવાતા વન વિભાગનાં અધિકારીઓ થોડા જાગૃત બને તે જરૂરી**

**માનવ વસાહતમાં સિંહ, દીપડા જેવા પ્રાણીઓ આવીને તરખાટ મચાવે તો જવાબદારી નક્કી કરવી જોઈએ**

**જો કે બન્ને પ્રાણીઓને વન વિભાગે ઝડપી લઈને નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**





અમરેલી, તા. ૯

ગીરકાંઠાનાં અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૨ કલાકમાં વન્ય પ્રાણીઓ ધ્વારા માનવ ઉપર હુમલા કરવાનાં બનાવો બનવા પામેલ છે. જેમાં એક ૩ વર્ષની ઉંમરનો બાળક તથા ૫ મહિનાનાં બાળકને વન્ય પ્રાણીઓએ શિકાર બનાવી ફાડી ખાધાની ઘટના બનતા અમરેલી જિલ્લામાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

પ્રથમ બનાવમાં ગત રાત્રીનાં સમયે સાવરકુંડલા તાલુકાનાં કરજાળા ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશનાં વતની એવા મગનભાઈ બાગડીયાનાં ૩ વર્ષનો પુત્ર ભુપત ગઈકાલે રાત્રીનાં સમયે લગભગ ૮-૩૦ કલાકે માતા-પિતા તથા ભાઈઓ સાથે વાડ વગરની અવાવરૂ ઓરડીમાં બેઠો હતો ત્યારે અચાનક જ વન્ય પ્રાણી દીપડાએ હુમલો કરી અને ૩ વર્ષનાં ભૂપતને મોં માં પકડી ખેતરમાં વાવેલ બાજરીમાં લઈને જતો રહ્યો હતો. આ બનાવ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગે તુરંત ઘટના સ્થળે દોડી આવી બાળકને ફાડી ખાનારા દીપડાને પીંજરે પુરવા માટે કાર્યવાહી હાથ ધરી અને દીપડાને ગણતરીની કલાકોમાં જ દીપડાને પીંજરે પુરી દેતા આ વિસ્તારમાં રાહતની લાગણીઓ જોવા મળી હતી.

જયારે બીજા બનાવમાં લીલીયા તાલુકાનાં ખારા ગામે ઢાંગલા ગામનાં માર્ગ ઉપર ઝૂંપડુ બાંધીને રહેતા એક પરિવારનો માત્ર ૫ માસનું બાળક આજે વ્હેલી સવારે પોતાના પરિવાર સાથે સુતો હતો ત્યારે એક કદાવર સિંહણે આવી અને મોં માં દબોચી નજીકનાં વિસ્તારમાં ઉઠાવી ગયો હતો. આ બાળકને મોં માં ઉઠાવી જનાર સિંહણે પ્રથમ તો એક બકરીનું મારણ કરી મોજ માણી હતી બાદમાં ખુલ્લામાં સુતેલા બાળકને ઉઠાવી ફાડી ખાધો હતો.

આ બનાવ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગ ઘટના સ્થળે પહોંચી જઈ અને બાળકને ફાડી ખાનાર સિંહણને પીંજરે

અનુસંધાન પાના ૬ ઉપર

## ચાર મહિનાથી સતત રજૂઆત થતી હોય

# અંતે સાવરકુંડલાના હાથસણી માર્ગ ઉપર પાણીનાં ટાંકા ઉપર ઢાંકણા અને જાળી લાગી

**પાલિકાનાં શાસકોનો સ્થાનિકોએ આભાર માન્યો**




સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર પાંચમાં હાથસણી રોડ પર આવેલ આસોપાલવ સોસાયટીમાં પાણીનાં ટાંકા ઉપર પાણીનાં ઢાંકણા અને ઉંચા ટાંકા ઉપર જાળી ફીટ કરવા અંગે છેલ્લા ચાર મહીનાથી સાવરકુંડલા નગરપાલિકા વોર્ડ નંબર પાંચનાં નગરપાલિકા સદસ્ય કેશવભાઈ બગડાએ નગરપાલિકા તંત્રને રજૂઆત કરી હતી. અંતે તેની રજૂઆતને મૂર્ત સ્વરૂપ મળ્યું. ગતરોજ આ પાણીના ટાંકા ઉપર ઢાંકણ અને ઊંચા ટાંકા ઉપર જાળી ફીટ કરવામાં આવેલ. આ સમગ્ર કામગીરી સાવરકુંડલા નગરપાલિકા વોર્ડ નંબર પાંચનાં સદસ્ય કેશવભાઈ બગડાની સતત દેખરેખ નીચે હાથ ધરવામાં આવેલ તે પૂર્ણ થતાં. આ બદલ નગરપાલિકા પ્રમુખપતિ રાજુભાઈ દોશી અને ચીફ ઓફિસર બોરડ તથા પાણી વિભાગના સુપરવાઈઝર અશ્વિનભાઈનો હાથસણી રોડ વોર્ડ પાંચના રહેવાસીઓએ આભાર પણ માન્યો હતો.

## અમરેલી : તાજેતરમાં લેવાયેલ તલાટીની પરીક્ષામાં એસ.ટી.ની ઉમદા કામગીરી



વિભાગીય નિયામક અમરેલીનાં સૂચન મુજબ અમરેલી ડેપો મેનેજર નથવાણી સહિતની ટીમ તલાટી મંત્રીની પરીક્ષામાં સવારના ચારથી સાંજના ચાર સુધી અમરેલી ડેપોમાં ખડેપગે રહી ૨૫ જેટલી એક્સ્ટ્રા બસ દોડાવી વધારાની આવક મેળવી તેમજ પરીક્ષાર્થીઓને કોઈપણ જાતની અગવડ ન પડે તે માટે સતત મદદરૂપ રહ્યા જે કામગીરી સરાહનીય અને બિરદાવવા લાયક છે.

## લાઠીનાં નાના રાજકોટની

# સીમમાં જીંદગીથી કંટાળી વૃધ્ધે ઝેરી દવા પી લેતા મોત

**અનાજમાં નાખવાનાં ઝેરી ટીકડા પીતા બન્યો બનાવ**

અમરેલી, તા. ૯

લાઠી તાલુકાનાં નાના રાજકોટ ગામે રહેતા મુકેશભાઈ ભીખાભાઈ કનાળ I નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૮નાં રોજ સવારે પાંચેક વાગ્યાનાં સમયે નાના રાજકોટ ગામની સીમમાં માનસિક રીતે જીંદગીથી કંટાળી ગયેલ હોય. જેથી પોતે પોતાની મેળે અનાજમાં નાખવાની ઝેરી દવા પી લેતા તેમનું ઝેરી દવાની અસર થતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયો તેમનું મોત નિપજયાનું લાઠી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## લાકડાનાં ધોકા તથા છરી વડે હુમલો

# બગસરા : હુડકો કોલોનીમાં દુકાને લોકોને કેમ ભેગા કરે છે ? તેમ કહી વેપારીને માર માર્યો

**મફતીયાપરામાં રહેતા ૨ ઈસમો સામે નોંધાઈ ફરિયાદ**

અમરેલી, તા. ૯

બગસરાનાં હુડકો કોલોનીમાં રહેતા અને ત્યાં જ દુકાન ધરાવતા માણસુરભાઈ નનકુભાઈ કહોર નામનાં ૩૩ વર્ષિય યુવક વેપારી તા. ૭નાં રોજ રાત્રીનાં નવેક વાગ્યાનાં સમયે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બગસરા ગામે રહેતા સાજીદભાઈ ઉર્ફે સાદલો ઈકબાલભાઈ તથા જયદીપભાઈ ઉર્ફે ગુડડુ કામળીયા નામનાં બે ઈસમોએ ત્યાં આવી તું કેમ તારી દુકાને લોકોને ભેગા કરે છે. તેમ કહી લાકડાનાં ધોકા તથા છરી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

# સાવરકુંડલા : કેરાલા સ્ટોરીને નિહાળવા આગ્રહ કરતા ધારાસભ્ય મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૯

"The Kerala Story" આ



ફિલ્મ ધર્માંતરણ, આતંકવાદ અને લવજેહાદ જેવા મુદાને ઉજાગર કરી રહી છે. હિન્દુઓનાં ધર્માંતર આયોજન

અનુસંધાન પાના ૬ ઉપર

## જાફરાબાદ નજીક આવેલ

# બાબરકોટ ગામનાં પાટીયા પાસે પાર્ક કરેલ ટ્રકની ટાંકીમાંથી ડીઝલની ચોરી

**અજાણ્યા ડીઝલ ચોર સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૯

જાફરાબાદ ગામે રહેતા યોગેશભાઈ જગુભાઈ વાઘેલા નામનાં ૨૮ વર્ષિય વેપારીનાં બે ટ્રક જી.જે.-૧૪ એકસ ૩૧૪૧ તથા ટ્રક નં. જી.જે.-૩ એટી ૩૬૨૫ ગત તા. ૭નાં રોજ સાંજે બાબરકોટનાં પાટીયા પાસે આવેલ ભુતનાથ પેટ્રોલ પંપે પાર્કિંગ કરેલ હોય. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમે બન્ને ટ્રકની ડીઝલની ટાંકીનુ તાળુ તોડી ડીઝલ લીટર ૧૦૦ કિંમત રૂા. ૯૩૮૦નું ચોરી કરી લઈ ગયાની ફરિયાદ જાફરાબાદ ટાઉન પોલીસમાં નોંધાઈ છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જીવનમાં વિચારવા જેવું 'બરફ' અને 'તક' એક સમાન છે. જેમ બરફ સમય જતાં પીગળી જાય તેમ હાથમાં આવેલી તક પણ સમય જતાં જતી રહે છે.
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?
સર્વ શ્રેષ્ઠ કવોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી
અમરેલી જિલ્લામાં આધુનિક ટેકનોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે. આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિધા પણ મળશે.
કિલનીકની સેવાઓ :
■ બહેરાશની તપાસ
■ અંતઃકર્ણ કાનની નસોની તપાસ
■ જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
■ કોકલીયર ઇમ્પ્લાન્ટ મેપિંગ
■ સ્પીચ થેરાપી
■ આર્ટિક્યુલેશન થેરાપી
■ ફલ્યુઅન્સી થેરાપી
■ સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
■ વોઈસ થેરાપી
■ કોકલીયર ઇમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT
ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે
કવોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન
શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક
બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

## શહેરનાં એક જાગૃત નાગરિકે કલેક્ટરને પત્ર પાઠવીને માંગ કરી

# રાજુલાની બેદરકાર ખાનગી હોસ્પિટલ સામે કાર્યવાહી કરો

**આરોગ્ય નિયામકની ટીમ દ્વારા રાજુલાની ખાનગી હોસ્પિટલમાં થતી ગેરરીતિ ઝડપાઈ છતાં પણ અકળ કારણોસર કાર્યવાહી થતી નથી**

**એકી સાથે ૩-૩ સરકારી ડોકટર ખાનગી હોસ્પિટલમાં પ્રેક્ટીસ કરતાં હોય છતાં પણ આરોગ્ય વિભાગ ચુપ**

**હોસ્પિટલમાં ગેરકાયદેસર રીતે સોનોગ્રાફી કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું અને તંત્ર કંઈજ કરે જ નહી**

**દેશને વિશ્વગુરૂ બનાવવો હોય તો તમામ વ્યકિતઓ કાયદાનું પાલન કરે તો જ બેડો પાર થાશે**

અમરેલી, તા. ૯

રાજુલાનાં એક જાગૃત નાગરિકે કલેકટરને પત્ર પાઠવીને રાજુલા શહેરમાં આરોગ્ય નિયામક ધ્વારા ખાનગી હોસ્પિટલમાં તપાસ કરવામાં આવેલ જેમાં ઘણીબધી ક્ષતિઓ–બેદરકારી જોવા મળેલ. તો આ હોસ્પિટલ અને ડોકટર ઉપર તાત્કાલીક એફઆઈઆર નોંધવા માંગ કરેલ છે.

ડીગ્રી વિનાનાં ડોકટર PC & PNDT માં રજીસ્ટર થયેલ છે નહિ છતાં પણ સોનોગ્રાફી કરતા રંગે હાથ પકડાઈ ગયેલ. ખરેખર સોનોગ્રાફી માટે ગાયકોલોજીસ્ટની યોગ્યતા ધરાવતા જોઈએ અને તેના નામનું PC & PNDTનું રજીસ્ટ્રેશન જિલ્લા આરોગ્ય તંત્રમાં નોંધાવેલ હોવું જોઈએ. આ ડોકટર પાસે ગાયકોલોજીસ્ટની ડીગ્રી પણ નથી અને રજીસ્ટ્રેશન પણ નથી તો એ મુખ્ય જવાબદાર વ્યકિત કહી શકાય.

જે સોનોગ્રાફી મશીન ઉપર સોનોગ્રાફી કરતા હતા તે મશીન માટે બીજા ડોકટરનું નામ રજીસ્ટ્રેશન છે. નિયમ એવો છે કે જેના નામનું રજીસ્ટ્રેશન હોય તે જ તે મશીન ઉપર સોનોગ્રાફી કરી શકે. બીજો નિયમ એ છે કે જેના નામનું રજીસ્ટ્રેશન હોય તે ડોકટર હાજર હોય ત્યારે જ એ સોનોગ્રાફી રૂમ ખુલી શકે તે રૂમ તે રજીસ્ટર્ડ ડોકટર સિવાય કોઈ ખોલી ન શકે. આ કિસ્સામાં ડોકટર હાજર ન હોતા અને સોનોગ્રાફી મશીનનો ઉપયોગ આ બીજા ડોકટર કરતા હતા. એટલે જેના નામે હતું તે ડોકટર જ જવાબદાર છે. તો તેની પણ એફઆઈઆર થવી જોઈએ. તેમની બેદરકારીને લીધે અથવા તો સાંઠગાંઠને લીધે મશીન વાપરવા આપતા હશે તો તે ડોકટરનું સોનોગ્રાફીનું રજીસ્ટ્રેશન કેન્સલ કરવું જોઈએ અને તેની ઉપર કોર્ટ કેસ કરવો જોઈએ.

વધુમાં જણાવ્યું હતું કે, સરકાર તરફથી પ્રાઈવેટ પ્રેકટીસની મનાઈ હોય છે અને એના માટે સરકાર તેઓને નોન પ્રેકટીસ એલાઉન્સ આપતી હોય છે. તો આ મુદે પણ ત્રણેય ડોકટર ઉપર કેસ કરીને તાત્કાલીક સસ્પેન્ડ કરવા જોઈએ.

આજે લગભગ દસેક દિવસ થઈ ગયા છે તો પણ કોઈ ઉપર કશા જ પગલા લેવામાં આવ્યા નથી. સોનોગ્રાફી બાબત જિલ્લાની PC & PNDTની એડવાઈઝરી કમીટીની મિટીંગ બોલાવવામાં આવી નથી જેથી આ બાબતે આગળ શું પગલા લેવા તે નકકી કરી શકાય.

ઉપરની બધી ઘટનાઓ તાલુકા હેલ્થ ઓફિસરનાં ધ્યાનમાં ન હોય તેને ખબર ન હોય એવું બની ન શકે. પરંતુ આ મુદે તેણે આ બાબતે ધ્યાન ન આપ્યું હોય અથવા આંખ આડા કાન કર્યા હોય એવું લાગી રહ્યું છે. તો ટીએચઓ ઉપર પણ તાત્કાલિક ખાતાકીય પગલા લેવા જોઈએ.

સરકારી ડોકટરો પ્રાઈવેટ હોસ્પિટલમાં જઈને પ્રેકટીસ કરતા હોય તે ત્યાંનાં સરકારી હોસ્પિટલનાં અધિક્ષકને ખબર હોવી જ જોઈએ. પરંતુ તેઓ ટીએચઓની જેમ વર્ત્યા હોય એવું લાગી રહ્યું છે.

તો ઉપરોકત બાબતે તાત્કાલિક નિર્ણય લઈને કસુરવાનો ઉપર સખતમાં સખત પગલા લો એવી માંગ અંતમાં કરેલ છે.

## ભરવાડ સમાજનાં યુવકે કાઠું કાઢયું : ગણિત શાસ્ત્રમાં પી.એચ.ડી.ની પદવી મેળવી



મતિરાળા, તા. ૯

ગોપાલ શું ભણે છે ઈ અમને નો ખબર હોય તેની ભણતર પાછળ ખર્ચની રકમ હું એમને મોકલી આપતો આ શબ્દો છે કડવાભાઈ રાઠોડનાં કડવાભાઈ ગોપાલનાં પિતા છે.

આ પરિવાર અમરેલી જિલ્લાનાં લાલાવદર ગામમાં રહે છે. ભરવાડ સમાજનાં કડવાભાઈ રાઠોડને ત્રણ પુત્રો તેમાંનો ગોપાલ ત્રીજો નંબર આ પુત્રને પ્રથમથી જ ભણવામાં રસ એટલે પિતા ૩૦ ગાયો–ભેંસો રાખતા છતાં કોઈ દિવસ ગોપાલને ચરાવવા ન મોકલતા ગોપાલ આજે ૨૬ વર્ષનો છે.

ગોપાલ કહે છે કે ૧ થી ૭નો અભ્યાસ લાલાવદરમાં કર્યો છે. ત્યારબાદ ૮ થી ૧૦ ભરવાડ બોર્ડીંગ જૂનાગઢ, ૧૧–૧૨ અમરેલી નુતનમાં, બીએસસી(ગણિત) ૩ વરસ અમરેલી કમાણી કોલેજમાં અભ્યાસ કર્યો છે. બાદમાં રાજકોટ ખાતે એમએસસી, એમફીલ અને પીએચડીની ઉપાધિ મેળવી છે. આજે ‘ગણિતશાસ્ત્ર’માં ગોપાલે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી સંજોગો વિપરીત હોવા છતાં પરિવારમાં કોઈ અભ્યાસું ન હોવા છતાં અસાધારણ સફળતા મેળવનાર ગોપાલ આજે નાના એવા ગામ લાલાવદરનું નામ રોશન કરી સંતોષની લાગણી અનુભવે છે. હાલ જી.પી.એસ.સી. તૈયારીમાં લાગી ગયેલ યુવક આજે અનેક માટે પ્રેરણારૂપ છે.

**– હરેશ બોરસાણીયા, મતિરાળા**

### સોશ્યલ મીડિયામાં વિગતો જણાવીને

## પરીક્ષામાં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓ તેમનાં પુસ્તકો અન્ય વિદ્યાર્થીને વિતરણ કરે

**મોંઘવારીનાં યુગમાં જરૂરિયાતમંદોને મદદ કરી શકાય**

સાવરકુંડલા, તા. ૯

શાળાઓમાં રીઝલ્ટ આવી ગયા છે, વેકેશન પડી ગયું છે, ૫૦૦૦ કે તેથી વધુ કિંમતના પુસ્તકો ૭ કે ૮ રૂપિયે કિલોના ભાવે પસ્તીવાળાને વેચી કચરામાં આપવાને બદલે જેની પણ પાસે પુસ્તકો છે, તેણે તેમની વિગતો/ફોટા અને નામ–નંબર સાથે પોતાના સલંગ્ન વોટ્સએપ ગૃપમાં વિગતવાર પુસ્તકોની યાદી દર્શાવીને વોટ્સએપ ગૃપમાં મુકવા જોઈએ. જો કોઈને તે પુસ્તકોની જરૂર હોય તો તે વ્યકિત રૂબરૂ વાત કરશે અને બીજાનું કામ પૈસા વગર થઈ જશે. અને ૫૦૦૦ કે તેથી વધુ કિંમતના પુસ્તકો ૪૦/૫૦ રૂપિયાની કિંમતે કચરાપેટીમાં જતાં અટકાવી શકાશે. અને એટલા નવા પુસ્તકોનું પ્રિન્ટીંગ પણ ઓછું થશે. આમ નવા પુસ્તકો છાપવા માટે કાગળની આવશ્યકતા હોય છે અને કાગળના ઉત્પાદન માટે વૃક્ષોનો ઉપયોગ થાય છે. જૂના પુસ્તકોનો ઉપયોગ એટલે કાગળ નો ઓછો ઉપયોગ અર્થાત્, ઓછા વૃક્ષોનું કપાણ..અને વૃક્ષો ઓછી માત્રામાં કપાવાથી પર્યાવરણ પણ ઘણાં અંશે દૂષિત થતું અટકશે. વળી આપના હાથે વિદ્યાનું દાન પણ થશે...!! આપના દ્વારા કરવામાં આવેલ એક નાનકડો પ્રયાસ પણ પરોક્ષ રીતે વૃક્ષોનું જતન કરવામાં મદદરૂપ થશે. આપે વાપરેલ જૂના પુસ્તકો એક પુસ્તક બેંકની ગરજ સારશે. શકય હોય તો આ અંગે અવશ્ય વિચારો અને પર્યાવરણને દૂષિત થતું બચાવો.

## શરીરના દરેક રોગનું મૂળ કબજિયાત હોય છે તેમ દરેક અસામાજિક કે ક્રાઇમ કૃત્ય પાછળનું મૂળ મોટા ભાગે દારૂ જ હોય છે

આપણે માનીએ કે ના માનીએ પણ મારા છેલ્લા ૨૦ થી ૨૫ વર્ષોના સર્વે તથા મારા અનુભવના નિચોડ અને દૈનિક વર્તમાન પત્રમાં વાંચવાના અભ્યાસ પ્રમાણે દરેક અસામાજિક કૃત્ય હોય, ગૃહ કંકાશ હોય, સ્ત્રીઓની ઉપર શારીરિક ત્રાસ હોય કે નાના મોટા જગડા, તોફાન, મારમારી, કુટુંબના અણબનાવ હોય કે પરિવારની આર્થિક પાયમાલી હોય કે કોઈપણ પ્રકારના વાહન અકસ્માત હોય કે કોઈપણ પ્રકારના ક્રાઈમ કેસ જેમાં ખુના મરકી વિગેરે મોટાભાગના કેસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં મૂળ દારૂ કે દારૂના નશા જ જવાબદાર હોય છે.

દારૂના વ્યસને ચડેલ કોઈપણ વ્યકિત દારૂ પીધા પછી થોડા સમય માટે તેના શરીરમાં રાક્ષસ સવાર થાય છે દારૂના વ્યસનીઓ ને કારણે જો કોઈને સૌથી વધારે સહન કરવું પડતું હોય તો તે સ્ત્રી જાતિ જેમાં વાત કરીએ તો કોઈની માતાઓને, કોઈની બહેનોને, કોઈની પત્નીઓને, કોઈના આખા કુટુંબને, કોઈના પડોશીઓને, પોતાની શેરી વાળાને, સગા– વ્હાલાઓને સૌથી વધારે સહન કરવું પડે છે. મે એ પણ સર્વે અને અનુભવ પ્રમાણે દારૂડિયા લોકો આ બધુ સમજતા હોવા છતા તેની દારૂ પીવાની આદત છોડી શકતા નથી, સાંજ થાય એટ્લે દારૂ પીવાની ટેવ વાળા લોકો ગમે ત્યાં હોય તે દારૂ શોધવાનું કામ ટોચ અગ્રતા ક્રમે કરતાં હોય છે દારૂ વગર વલખાં મારે છે.

દારૂના વ્યસને ચડેલ વ્યકિતને સગી માં સમજાવે કે બાપ–બહેન કે પત્ની કે કોઈપણ આરાધ્ય વડીલ સમજાવે તો પણ તે કોઈનું માનતા નથી, દારૂના વ્યસને ચડેલ વ્યકિત પોતે તો આર્થિક રીતે બરબાદ થાય જ છે. સાથોસાથ તેની આ કુટેવને કારણે પોતાનું કુટુંબ – પરિવાર–પત્ની–નાના બાળકો–બહેનોને પણ આર્થિક રીતે સહન કરવું પડે છે. મે મારા અનુભવ પ્રમાણે સામાન્ય આર્થિક કમાણી કરીને ગુજરાન ચલાવતા પરિવારને તેની દારૂની કુટેવને કારણે સૌથી વધારે સહન કરવું પડતું હોય છે.

આપણે દરરોજ દૈનિક વર્તમાન પત્રોમાં વાંચતાં હોઈએ છીએ કે મોટાભાગના વાહન અકસ્માત પછી ભલે તે ટુ વ્હીલ હોય કે ફોર વ્હીલ હોય તેની બાબતમાં છેલ્લે મૂળ તો દારૂ પીધા બાદના ડ્રાઈવિંગ જ કારણ હોય છે પણ આ કારણ ઘણી વખત બહાર આવતા નથી, આથી દારૂને કારણે કેટલાય પરિવાર પોતાના વ્હાલસોયા દીકરા – પતિ–બાળકો–બહેનો–માતાઓ ગુમાવવાનો વારો આવે છે.

આપણે દરરોજ દૈનિક વર્તમાન પત્રોમાં વાંચતાં હોઈએ છીએ કે મોટાભાગના જગડા – મારામારી કે ખૂન કેસમાં ઊંડા ઊતરીએ તો તેમાં પણ મૂળમાં તો દારૂ જ નીકળતો હોય છે તમામ દંગા ખેલ ખપાટા, દંગલ કે માર્કેટ બંધ કરાવવા વિગેરે કેસમાં પણ મૂળ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે દારૂ જ જવાબદાર હોય છે, પછી પોલિસ સ્ટેશન તેને પકડે અને આગવી ઢબે પૂછપરછ કરે એટલે દારૂના નશા ઉતરી જાય અને ગરીબ ગાય જેવા બની જાય છે, આમ આ કાળા કામના મૂળમાં દારૂ જ હોય.

મારા અનુભવ મુજબ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારની સ્ત્રીઓને પુરૂષોની દારૂની લતને કારણે આર્થિક અને શારીરિક રીતે ખુબજ સહન કરવું પડે છે, પુરૂષોની દારૂની લતને કારણે સાંજ પડેને તેની પત્નીઓ અને નાના નાના બાળકો (નાની દીકરીઓ) ઉપર શારીરિક દમન(માર) શરૂ થાય છે અને બહાર ગરીબડી ગાય અને ઘરમાં બૈરી પાસે સુરોપૂરો કહેવત સાર્થક કરે છે, આ પ્રકારના પરિવારમાં સ્ત્રીઓ બિચારી દૈનિક રીતે સહન કરતી હોય છે અને સમાજની બીકે તેને છાવર્તી પણ હોય છે અને નર્ક જેવી જિંદગી વિતાવતી હોય છે અને જયારે સહનશકિતની હદ પૂરી થાય ત્યારે આ લાચાર સ્ત્રી પોતાના બાલ બચ્ચા સાથે તેના માવતરે રિસામણે જીવન વ્યતિત કરે છે આથી માવતરના પરિવાર પણ દુઃખી હોય છે, દારૂના નસા ઉતરે અને રાજાજીનો ઠાઠ બેસી જાય એટલે ગરીબડી ગાયની જેમ સાસરે જઈ માફા માફી કરી ફરી સ્ત્રી બિચારી સાસરે આવે પાંચ પંદર દીવસ માંડ સરખુંચાલે ત્યાં પાછો હતો એવો ને એવો, ઘણા કિસ્સામાં સ્ત્રીઓ બિચારી આ પ્રકારના કાયમી શારીરિક ત્રાસમાથી મુકિત મળે તે માટે માવતરને ફરિયાદ કર્યા વગર સળગી જાય, કૂવામાં પડે, ટીકડા ખાય જાય અને આ રીતે આપઘાત કરી લ્યે છે, આવા કિસ્સા પણ સાંભળવા મળે છે, સમાજ આવા કિસ્સાની નોંધ પણ લેતો નથી સરવાળે મારો કહેવાનો મતલબ એક જ છે કે પુરૂષોની દારૂની લતને કારણે સૌથી વધારે સ્ત્રીઓને, નાના નાના બાળકોને સહન કરવું પડે છે અને છૂટા છેડાના કેસ પણ બનતા હોય છે. આમ દારૂની લતને કારણે કેટલાય પરિવાર બરબાદ થઈ જાય છે, તેમ છતાં દારૂની લતવાળા સુધરવા તૈયાર થતાં નથી, આ પણ એક કરૂણતા છે.

**: લેખ લખનાર :**
**એચ. પી. ખોરાસિયા**
**પૂર્વ એંજિનિયરશ્રી**
**અમરેલી નગર પાલિકા**
**અમરેલી**

અમે નાના હતા ત્યારે ભીત સુત્ર પર લખાણ જોવા મળતા કે દારૂડિયો દારૂને શું પીવાનો ?, દારૂ જ દારૂડિયાને પી જાય છે. આમ ભીત સુત્ર દ્વારા દારૂની લાત વાળાને દારૂ નહીં પીવાની સમજ આપવામાં આવતી હતી. દારૂ ફકત સમાજ માટે પીડા દાયક તો છે જ પણ સાથોસાથ તે હેલ્થ માટે પણ અત્યંત ખરાબ અને ભયજનક છે, દારૂની લતવાળાના આરોગ્યમાં ખાસ કરીને તેના લીવર, આંતરડા, પાંચનતંત્રના ગંભીર અને જીવલેણ રોગોની શકયતા વધી જાય છે વધુ પડતાં દારૂના સેવનને કારણે તેની રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થાય છે અને તેને કારણે તે લોકોની તબિયત વારંવાર બગડવાની સંભાવના રહેલ છે. અને તેની હેલ્થ બગડે છે ત્યારે જીવલેણ ગંભીરતા સાથે આર્થિક રીતે પણ તેની સારવાર અત્યંત ખર્ચાળ હોય છે અને તેને કારણે આખા પરિવારની આજીવિકાની સ્થિતિ ગંભીર બને છે.

દારૂની બાબતમાં સમાજમાં સૌથી વધુ જો કોઈની ઉપર માછલાં ધોવાતા હોય તો તે છે પોલીસ વિભાગ ઉપર, એ પોલીસ વાળા હપ્તા લ્યે છેને,પોલીસ વાળા કઈ કરતાં નથીને, દારૂ ખુલ્લે આમ મળે છેને, દારૂડિયા લોકોને પકડે છે તો તરત જ છોડી દયે છેને વિગેરે વિગેરે આક્ષેપ લોકો તરફથી પોલીસ વિભાગ ઉપર કરવામાં આવે છે પણ મારૂ તો આ બાબતમાં એટલુજ કહેવાનું છે કે દારૂની લતવાળાએ સુધરવાની જરૂર છે, સમાજના તમામ લોકોએ જ સ્વયંભુ દારૂની લત વાળાનો અને દારૂના વિરોધ કરવાની જરૂર છે, ગામે ગામ દારૂ વિરોધી ઝુંબેશ ઉપાડવાની જરૂર છે. દારૂ પીવો છો એટલે પોલિસને સાચવવા પડે છેને, દારૂ બંધ કરી દ્યો કોઈને સાચવવાની જરૂર નહીં પડે, દરેક સમાજના મોભીઓ એ આ બાબતમાં વિચારવાની જરૂર છે, નહિતર આ સમાજનું પતન દારૂના કારણે થશે.

આજે સૌથી વધુ દુઃખની બાબત એ છે કે દિન પ્રતિ દિન દારૂના દૂષણ ઘટવાના બદલે વધતું જાય છે, ઉચ્ચ સમાજમાં તેને સ્ટેટસ તરીકે જોવામાં આવે છે, બે પાંચ મિત્રોભેગા થાય તો દારૂની પાર્ટી કરે છે, બહારગામથી કોઈ મહેમાન આવે તો પણ દારૂની મહેફિલ જામે છે, દારૂને કારણે સૌથી વધુ આર્થિક પાયમાલ થતો વર્ગ હોય તો તે મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ છે, બીજું કઈ નહીં તો પણ દારૂ આર્થિક રીતે પણ મોંઘો છે, આ વર્ગને પોષાય નહીં તો પણ આ રવાડે ચડેલ છે અને સરકાર ગમે તેટલા આર્થિક મદદ કે પકેજ જાહેર કરે તો પણ તેની દરિદ્રતા ઓછી થાય જ નહીં, આપણે કોઈના વાંક ગુના શોધવાના બદલે, દારૂબંધીમાં પડયા વગર હવે આ બાબતમાં દરેક સમાંજે ગંભીરતાથી વિચારીકઈક માર્ગ શોધવાની તાતી જરૂરિયાત છે નહિતર તેના ખામીયાજો આજે આપણે ભોગવીએ છીએ તેમ ભવિષ્યમાં પણ ભોગવવા તૈયાર રહેવું પડશે.

# કુંકાવાવ ખાતે પૂર્વ ધારાસભ્યોની ઉપસ્થિતિમાં ખેડૂત સેમિનાર યોજાયો






તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ ખાતે તાલુકા સંઘનાં સહયોગથી અજીત સીડસ પ્રા.લી. દ્વારા ખેડૂત શીબીરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકામાંથી ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિવિધ બિયારણ સંબંધી જાણકારી મેળવી હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્યો પરેશભાઈ ધાનાણી, વીરજીભાઈ ઠુંમર, તાલુકા સંઘના પ્રમુખ રવજીભાઈ પાનસુરીયાએ હજારો ખેડૂતોને બિયારણની જાત અને તેની ગુણવત્તા અને બિયારણ ઓરિજનલ અને વિશ્વાસપાત્ર જગ્યાએથી જ ખરીદી કરવી તેમજ લુજ પેકીંગ તેમજ વિવિધ લોભામણી જાહેરાત કે વાતોમાં આવ્યા વગર સહકારી સંસ્થામાંથી તેમજ અધિકૃત એજન્સીમાંથી જ અસલ બિયારણ ખરીદ કરવા પર ભાર મુકયો હતો અને જયારે અજીત સીડ્સ કંપની દ્વારા વિવિધ પાકોનાં બિયારણ અને તેના ફાયદા તેમજ ખેતીના પ્રકારો સંબંધી ખેડૂતોને વિસ્તારપૂર્વક જાણકારી આપીને ખેડૂતોને ટુંકા ગાળામાં કયા વાવેતર તેમજ લાંબા ગાળામાં કયા પાકનું વાવેતર તેમજ જમીનની ફળ દ્રુપતા ઉપર જાણકારી આપીને ખેડૂતોને વધુમાં વધુ ઉપજ કેવી રીતે મેળવી શકાય તેની સમજ અને જાણકારી આપી હતી. આ પ્રસંગે ખાસ પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી તથા લાઠી બાબરાના પૂર્વ ધારાસભ્ય વીરજીભાઈ ઠુંમરે ઉપસ્થિત રહીને ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું જયારે તાલુકા સંઘનાં પ્રમુખ રવજીભાઈ પાનસુરીયા દ્વારા સદર સહયોગ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦૦થી વધારે તાલુકાભરમાંથી ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

## આજથી પંચાવન-સાંઈઠ વર્ષ પહેલા રૂપિયા એકથી ત્રણ લાખનું દાન આપનાર ભુલાયા

# અમરેલીની આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજનાં દાતાનાં નામની તકતી ગાયબ

જિલ્લા વિધાસભા ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટીઓનો પ્રવેશ થયો અને ક્રમશઃ જુના ટ્રસ્ટી અને દાતાઓ ભુલાઈ રહ્યા હોય નારાજગી

પારેખ અને કમાણી પરિવારે ત્રણેય કોલેજોનું નિર્માણ કરાવ્યું તેની યાદીને ભુલાવી દેવાનો પ્રયાસ નિંદનીય

પૂર્વ પ્રધાનમંત્રી મોરારજી દેસાઈ અને પૂર્વ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાનું નામ પણ જે તકતીમાં હતું તે પણ ગાયબ

સમાજ માટે મહત્વનું આર્થિક યોગદાન કરનારની યાદગીરી હંમેશા રહેવી જરૂરી છે



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા વિધાસભા ટ્રસ્ટ સંચાલિત આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજનું નિર્માણ ૬૦નાં દાયકામાં કરવામાં આવેલ. ત્રણેય કોલેજનું ભૂમિપૂજન ભુતપૂર્વ પ્રધાનમંત્રી મોરારજી દેસાઈ અને પૂર્વ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા ધ્વારા કરવામાં આવ્યું અને પારેખ અને કમાણી પરિવારે તે સમયે રૂપિયા એકથી ત્રણ લાખનું અનુદાન આપેલ અને તેના નામ અને રાજકીય મહાનુભાવોનાં નામની તકતી વર્ષો સુધી યથાવત રહ્યા બાદ તાજેતરમાં કોઈ અકળ કારણોસર તકતી દૂર કરવામાં આવતાં ભારે આશ્ચર્ય ફેલાયું છે.

તાજેતરમાં લેવાયેલ તલાટી મંત્રીની પરીક્ષામાં બહારનાં જિલ્લામાંથી આવેલ પરીક્ષાર્થીઓ પારેખ કોમર્સ કોલેજ અને કમાણી આર્ટસ અને સાયન્સ કોલેજ શોધતા જોવા મળેલ પરંતુ દાતાનાં નામની તકતી ગાયબ થઈ હોવાનું પ્રકાશમાં આવેલ છે.

આ અંગે વર્તમાન ટ્રસ્ટીઓએ કોલેજનાં પાયાનાં પથ્થર સમાન મહાનુભાવોનાં નામ હંમેશા વિદ્યાર્થીઓનાં દિલમાં રહે તે માટે જે તકતી હટાવવામાં આવી છે તેનું પુનઃ સ્થાપન કરવામાં આવે તેવી માંગ શિક્ષણપ્રેમીઓ ધ્વારા કરવામાં આવી રહી છે.

## સાવરકુંડલા ખાતે સેવાની પ્રવૃતિની સુવાસ એટલે શ્રી સતનામ ઓધવ ગૌશાળા સેવા


સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા ખાતે તપસ્વી શ્રી રામપ્રતાપ સાહેબ ગુરૂ ૧૦૮ મંહત શ્રી બિહારી સાહેબના આશીર્વાદથી ગૌ–સેવાની શરૂઆત કરવામાં આવી હતી. સદગુરૂ કબીરસાહેબ સેવા ટ્રસ્ટ કબીર ટેકરી, સાવરકુંડલા સંચાલિત સદગુરૂ મંહત શ્રી બિહારીસાહેબની ચતુર્થી તિથિ પ્રસંગે સંતશ્રી વાલરામ મહરાજની પાવન સ્મૃતિમાં શ્રી સતનામ ઓધવ ગૌશાળા બનાવવામાં આવી હતી. કબીરટેકરી ગૌ–સેવાનો પ્રારંભ કરવાનો હેતુ જે અશકત, બિમાર અને રોગથી પિડીત હોય તેવી ગાય માતાની સેવા કરવાનો છે. ભારતીય સંસ્કૃતિમાં ગાય માતાનું અનેક ગણું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. ગાય માતામાં દેવતાઓનો વાસ છે માટે ગાયમાતા વંદનીય અને પૂજનીય છે



પ્રવર્તમાન સમયમાં ગાય વિશેની વિશેષ જાગૃતતા જોવા મળે છે. કબીર ટેકરી ગેશાળ ામાં અંદાજે ૨૦ જેટલા પશુઓ છે અને પશુઓને લગભગ ૧૫ થી ૨૦ મણ જેટલો ઘાસચારો આપવામાં આવે છે.શિયાળો ઉનાળો અને ચોમાસા દરિમયાન ગૌશાળામાં પશુઓને રાખવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. વૈજ્ઞાનિક પ્રયોગો ઉપરથી પણ સાબિત થયું છે કે, ગાયના શરીરની દરેક વસ્તુ માનવજીવનને એક યા બીજી રીતે ઉપયોગી છે. સાવરકુંડલા કબીર ટેકરી શ્રી સતનામ ઓધવ ગૌશાળાનું દુધ વેપાર માટે વહેંચવાનાં બદલે દૂધમાંથી ઘી બનાવીને કે.કે. હોસ્પિટલની પ્રસુતા બહેનોને માટે સુખડી અને શીરો બનાવીને પહોંચાડવમાં આવે છે. આ ઉપરાંત ગૌશાળાના દૂધ અને છાશનો ઉપયોગ શ્રી નિર્મળ સાહેબ ટિફિન સેવા અને દર્દીનારાયણ તથા ગરીબ વર્ગના જરૂરીયાતમંદ લોકોને વિનામૂલ્યે આપી ગૌસેવાની સાથે દર્દીનારાયણની સેવા સંચાલકો અને સેવકગણની મદદથી કરવામાં આવે છે. સદગુરૂ કબીરસાહેબ સેવા ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૨૦૦૩માં અવેડો બનાવવામાં આવ્યો હતો. જેનો મુખ્ય ઉદેશ રખડતાં–ભટકતાં અબોલ એવા પશુઓને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે છે. શ્રી સતનામ ઓધવ ગેશાળાની ગે–સેવા અને ગે–સવંધર્નની તમામ વ્યવસ્થાઓ મહંતશ્રી નારાયણ સાહેબ દ્વારા સુંદર રીતે કરવામાં આવે છે.

## નાથાભગત મોઢવાડીયાની ડેરીએ મહેર સમાજનાં આગેવાનો દ્વારા ચરખા ચાંપરાજ વાળા પરિવારનું સન્માન



ચલાલા, તા. ૯

ચરખા ચાંપરાજવાળા પરિવારનું પોરબંદર ખાતે ભીખાભાઈ દુલાભાઈ દ્વારા આયોજીત કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ વખતે રાજુભાઈ બારોટે યાદ અપાવતા મહેર સમાજે નાથા મોઢવાડીયા અને ચાંપરાજવાળાની મિત્રતાને જયારે ગાયકવાડ સામે વારે ચડેલ ત્યારે બંને મિત્રોએ સાથે મળીને અમરેલી ભાંગેલ તે વાતને આઠમી પેઢીએ યાદ કરીને મુખ્ય મહેમાનમાં ચાંપરાજ વાળા પરિવારના દિલુભાઈ દાદાભાઈ વાળા અને અનિરૂધ્ધભાઈ (લાલભાઈ) વાળ ાને આમંત્રિત કરી જુના સંબંધો તાજા કર્યા અને ભવ્ય થી ભવ્ય સન્માન કર્યુ.

રાસ ગરબા તથા તલવાર બાજી રાખીને આદર સત્કાર કર્યો તેમજ મેહર સમાજના અગ્રણીઓએ પોતાનાં ઘરે મહેમાન ગતિ કરવી અને સન્માનિત કર્યા અને ચાંપરાજવાળા પરિવાર દ્વારા નાથા ભગતની દેરી એ શાલ અને ફુલહાર ચડાવી અને મહેરોનું અમારા પર ઋણ છે. તેવું કહેલું અને ચાંપરાજ વાળા પરિવાર મહેર સમાજનાં તમામ આગેવાનો અને રાજુભાઈ બારોટનો ખુબ ખુબ આભાર માને છે.

મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU
• ૧૦૦% ચેલેન્જથી કામ
• હસ્તરેખા, લગ્નમાં વિલંબ
• લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
• મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
• નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
• ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
• એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
• પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
• મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
• શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત
મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ

"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર
અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

એક્ટિવ સર્વિસ પોઈન્ટ
પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીંગ, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.
કડીયા કામ નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.
RO ફિલ્ટર સર્વિસ
ઈલેકટ્રીક કામ વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ
કલર કામ પુટ્ટી, કલર.
■ AC સર્વિસ ■ સુથારીકામ ■ વેલ્ડિંગકામ ■ ગેસચૂલા
એન્જીનીયરીંગ વર્ક સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.
ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો
જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023
સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601












### રાજસ્થાન કોંગ્રેસમાં ફરી ભડકો

# ગહેલોતના નેતા સોનિયા નહીં વસુંધરા છે : સચિન પાયલોટ

## સચિન પાયલોટ દ્વારા ૧૧ મેથી રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન, અજમેરથી જન સંઘર્ષ યાત્રા કાઢવામાં આવશે

જયપુર, તા.૯

રાજસ્થાનના પૂર્વ ડેપ્યુટી સીએમ સચિન પાયલટે સીએમ અશોક ગેહલોત પર જોરદાર પ્રહારો કર્યા હતા. પાયલોટે પ્રેસ કોન્ફરન્સમાં આરોપ લગાવ્યો કે, ધોલપુરમાં સીએમ અશોક ગેહલોતના ભાષણ બાદ એવું લાગે છે કે ગેહલોતના નેતા સોનિયા ગાંધી નહીં, પરંતુ વસુંધરા રાજે છે.

પાયલોટે કહ્યું કે, એક તરફ એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ અમારી સરકારને તોડી પાડવાનું કામ કરી રહી છે, તો બીજી તરફ એવું કહેવાય છે કે વસુંધરા રાજે અમને બચાવવાનું કામ કરી રહી છે. તમે શું કહેવા માગો છો તે તમારે સ્પષ્ટ કરવું જોઈએ.

સચિન પાયલટે કહ્યું કે, ૧૧ મેથી રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન, અજમેરથી જન સંઘર્ષ યાત્રા કાઢવામાં આવશે. પેપર લીક કેસ અને ભ્રષ્ટાચારના કેસ સામે આ જન સંઘર્ષ યાત્રા કાઢવામાં આવશે. આ યાત્રા જયપુર સુધી કરવામાં આવશે. ૧૨૫ કિમીની આ યાત્રા ૫ દિવસમાં સુધી ચાલશે.

### પશ્ચિમ બંગાળમાં ધ કેરાલા સ્ટોરી ફિલ્મ પર પ્રતિબંધ

# યુપીમાં ધ કેરાલા સ્ટોરી ફિલ્મ કરમુક્ત, યોગી કેબિનેટ સાથે ફિલ્મ જોશે

## પીએમ મોદીએ ૫મી મેના રોજ આ ફિલ્મને આતંકી ષડયંત્રોને સામે લાવવાનો શ્રેય આપ્યો હતો

લખનઉ, તા.૯

પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ધ કેરાલા સ્ટોરી ફિલ્મ પર પ્રતિબંધ મૂક્યા બાદ આજે ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથ સરકારે આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવાની જાહેરાત કરી છે. આ સાથે જ સીએમ યોગી પોતાની કેબિનેટ સાથે ફિલ્મની સ્પેશિયલ સ્ક્રિનિંગ જોવાના છે. મુખ્યમંત્રીએ ટ્વીટ કરીને કહ્યું કે ધ કેરાલા સ્ટોરી યુપીમાં ટેક્સ ફ્રી કરવામાં આવશે. આ અગાઉ ફિલ્મના ડાઈરેક્ટરે કહ્યું કે કેરાલા સ્ટોરીને યુપીમાં ટેક્સ ફ્રી કરવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતના મંત્રીમંડળ સાથે ફિલ્મની વિશેષ સ્ક્રિનિંગ જોઈ શકે છે. આ અગાઉ પ્રદેશના ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠકે એક ચૂંટણી રેલી દરમિયાન કહ્યું હતું કે ફિલ્મને લઈને જો કોઈ પ્રસ્તાવ આવશે તો યુપી સરકાર ધ કેરાલા સ્ટોરીને ટેક્સ ફ્રી કરી દેશે. પીએમ મોદીએ ૫મી મેના રોજ આ ફિલ્મને આતંકી ષડયંત્રોને સામે લાવવાનો શ્રેય આપ્યો હતો. તેમણે કર્ણાટકમાં એક ચૂંટણી રેલીમાં ફિલ્મનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. બીજી બાજુ સીએમ શિવરાજ સિંહ ચૌહાણે પણ મધ્ય પ્રદેશમાં ધ કેરાલા સ્ટોરીને ટેક્સ ફ્રી કરી નાખી છે. યુપી ભાજપ સચિવ અભિજાત મિશ્રાએ ગત શનિવારે લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ માટે આ ફિલ્મનું સ્ક્રિનિંગ આયોજિત કર્યું હતું. આ માટે તેમણે એક થિયેટર પણ બુક કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે યુવા છોકરીઓને કથિત લવ જેહાદથી બચાવવા માટે આ ફિલ્મ બતાવવી જોઈએ. તેમણે કહ્યું કે આ ફિલ્મ સાચી ઘટનાઓ પર આધારિત છે. જેમાં એ વાતને સ્પષ્ટ રીતે દેખાડવામાં આવી છે કે કેવી રીતે બાળકીઓને ફોસલાવીને તેમનું ધર્મ પરિવર્તન કરાવવામાં આવે છે. સીએમ મમતા બેનર્જીએ પ્રદેશમાં ધ કેરાલા સ્ટોરી પર તત્કાળ પ્રતિબંધ લગાવ્યો તેને લઈને ભાજપ અને ટીએમસી પર વાર પલટવાર થયો. મમતા સરકારનો તર્ક છે કે ફિલ્મ પર પ્રતિબંધ લગાવવાં આવ્યો જેથી કરીને નફરત અને હિંસાની કોઈ પણ ઘટનાને ટાળી શકાય. આવામાં બંગાળમાં જો કોઈ પણ થિયેટરમાં આ ફિલ્મ દેખાડવામાં આવશે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે આ ફિલ્મમાં તથ્યોને તોડી મરોડીને રજૂ કરાયા છે. તેનો ઉદ્દેશ્ય ફક્ત કેરળને બદનામ કરવાનો છે. બીજી બાજુ ભાજપે મમતા સરકારના આ પગલાં વિરુદ્ધ અવાજ ઉઠાવતા રાજ્ય સરકાર પર પોતાની રાજનીતિ ચમકાવવા માટે આ પગલું ભર્યું હોવાનો આરોપ લગાવ્યો છે. મમતા બેનર્જીએ માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (માકપા) પર નિશાન સાધતા કહ્યું ક તેઓ પણ ભાજપ સાથે ભળેલા છે. કારણ કે કેરળમાં સરકાર હોવા છતાં તેમણે ફિલ્મનો વિરોધ કર્યો નથી.

### દેશની આઝાદીના ૭૫ વર્ષ બાદ સેનામાં મોટો ફેરફાર

# સિનિયર અધિકારીઓના એક સમાન યુનિફોર્મ રાખવા નિર્ણય

## આર્મી કમાન્ડર્સની કોન્ફરન્સ દરમિયાન વિગતવાર ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો, કર્નલ અને તેનાથી નીચેના રેંકના અધિકારીઓના યુનિફોર્મમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં

નવી દિલ્હી, તા.૯

હવે, ભારતીય સેનામાં મૂળ કેડર અને નિમણૂકને ધ્યાનમાં લીધા વિના, બ્રિગેડિયર અને તેનાથી ઉપરના રેન્કના અધિકારીઓ માટે એક સમાન યુનિફોર્મ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સૂત્રોનું કહેવું છે કે તાજેતરમાં પૂર્ણ થયેલી આર્મી કમાન્ડર્સની કોન્ફરન્સ દરમિયાન વિગતવાર ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, કર્નલ અને તેનાથી નીચેના રેન્કના અધિકારીઓના યુનિફોર્મમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફ્લેગ રેન્કના સિનિયર અધિકારીઓના હેડગિયર, શોલ્ડર રેન્ક બેજ, ગોર્જેટ પેચ, બેલ્ટ અને ફૂટવેર હવે યુનિફોર્મ હશે. ફ્લેગ-રેન્કના અધિકારીઓ હવે કોઈ લેનયાર્ડ પહેરશે નહીં. આ ફેરફારો આ વર્ષે ૧ ઓગસ્ટથી અમલમાં આવશે. ભારતીય સેનામાં કર્નલ અને તેનાથી નીચેના રેન્કના અધિકારીઓ દ્વારા પહેરવામાં આવતો યુનિફોર્મ પહેલા જેવો જ રહેશે તેમાં કોઈ બદલાવ કરવામાં આવશે.

### ચૂંટણી પંચે શરૂ કર્યો પાયલટ પ્રોજેક્ટ

# કર્ણાટકના ઈલેક્શનમાં સેલ્ફી વડે પણ વોટિંગ કરી શકાશે

## ચૂંટણી પંચ પોલિંગ બૂથ પર મતદારોની લાંબી લાઈનો ખતમ કરવા માટે ફેશિયલ રેકોગ્નિશ સિસ્ટમનો ઉપયોગ કરશે

નવી દિલ્હી, તા.૯

કર્ણાટક : કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે એટલે કે ૮મી મે, ૨૦૨૩ના રોજ શાંત થઈ ગયા. હવે ૧૦ મેના રોજ મતદાન યોજાવા જઈ રહ્યુ છે અને ૧૩ માર્ચના રોજ આ ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું છે.

ત્યારે ચૂંટણીપંચ દ્વારા મતદાન માટે નવી વ્યવસ્થા શરૂ કરી છે. જેના કારણે હવે મતદારોને લાંબી લાઈનમાં ઉભા રહેવાની જરૂર નથી, હવે મતદારો હવે સેલ્ફીથી પણ વોટ નાંખી શકશે. જો તમે વિચારી રહ્યા હોય કે સેલ્ફીથી વોટિંગ કેવી રીતે શક્ય છે તો તેમને જણાવી દઈ છે કે, આ ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા ફેશિયલ રેકોગ્નિશન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ફેશિયલ રેકોગ્નિશન સિસ્ટમ કેવી રીતે કામ કરશે તેની વાત કરીએ તો. ચૂંટણી પંચ પોલિંગ બૂથ પર મતદારોની લાંબી લાઈનો ખતમ કરવા માટે ફેશિયલ રેકોગ્નિશ સિસ્ટમનો ઉપયોગ કરશે.

આ માટે આયોગે **Chunavana** એપ લોન્ચ કરી છે. જે તમે આ એપ તમે પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકશો. આ એપલિકેશન ડાઉનલોડ કર્યા બાદ તમારે પહેલા તમારી જાણકારી અને ફોટો અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ ડિટેલ વેરિફેકશન થયા બાદ તમે વોટિંગ કરી શકશો.

ચૂંટણી પંચ આ પાયલોટ પ્રોજેક્ટને ટેક્નિકલી બેંગ્લુરુના એક કેન્દ્ર પર જ લાગુ કરશે. રિપોર્ટ મુજબ, ૧૦ મેના રોજ ગર્વમેન્ટ રામાનારાયણ ચેલારામ કોલેજ, પૈલેસ રોડના રૂમ નંબર ૨માં જ ઉપયોગ કરવામાં આવશે. આ જગ્યા કર્ણાટકના ચીફ ઈલેક્ટોરલ ઓફિસરની ઓફસથી ખૂબ નજીક છે.

### ટેરર ફંડિગને લઈને એનઆઈએ એક્શન મોડમાં

# ટેરર ફંડિગ: એનઆઈએના કાશ્મીરથી તામિલનાડુ સુધી દરોડા

## આ દરોડો આ કેસમાં પહેલાથી જ નોંધાયેલી એફઆઈઆરની તપાસ દરમિયાન કરવામાં આવી રહ્યા છે

નવી દિલ્હી, તા.૯

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ટેરર ફંડિંગને લઈને એક્શનમાં આવી છે. એનઆઈએએ જમ્મુ-કાશ્મીરમાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા છે. એનઆઈએની ટીમો શ્રીનગર, અનંતનાગ, કુપવાડા, શોપિયાં, રાજૌરી અને પુંછમાં દરોડા પાડવા પહોંચી છે. હાલમાં, કોઈને કસ્ટડીમાં લેવામાં આવ્યાના કોઈ સમાચાર નથી. આ ઉપરાંત તમિલનાડુમાં પણ દરોડા પડ્યાના સમાચાર મળી રહ્યા છે.આ પહેલા ૨ મેના રોજ જમ્મુ-કાશ્મીરના છ જિલ્લા પીર પંજાલ ક્ષેત્ર, મધ્ય અને દક્ષિણ કાશ્મીરમાં ૧૨ સ્થળોએ સર્ચ કરવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ દરોડા આતંકવાદી અને તેને લગતી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટેના ગુનાહિત કાવતરાનો પર્દાફાશ કરવા માટે આંતકીઓના નેટવર્ક અને અન્ય બાબતો પર મોટી કાર્યવાહીનો એક ભાગ છે.

આ ઉપરાંત તમિલનાડુમાં પણ ૧૦થી વધુ સ્થળોએ એનઆઈએનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અહેવાલ છે કે તપાસ એજન્સી પીએફઆઈ સાથે જોડાયેલા કેટલાક લોકો અને નેતાઓના સ્થળો પર દરોડા પાડી રહી છે. આ દરોડો આ કેસમાં પહેલાથી જ નોંધાયેલી એફઆઈઆરની તપાસ દરમિયાન કરવામાં આવી રહ્યો છે. હકીકતમાં, અગાઉ કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન, પીએફઆઈના વધુ ૧૦૬ સભ્યોની દેશભરમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

### સપ્તાહના બીજા સત્રમાં શેરબજાર સપાટ બંધ રહ્યા

# સેન્સેક્સમાં 3 અને નિફ્ટીમાં ૮ પોઈન્ટનો ઘટાડો થયો

## પીએસયુબેંક સેક્ટરના શેરમાં વેચવાલી જોવા મળી હતી, જોકે આઈટી સેક્ટરમાં ખરીદી જોવા મળી હતી

મુંબઈ, તા.૯

મંગળવારે સ્થાનિક શેરબજારો સપાટ બંધ રહ્યા હતા. બીએસઈનો ૩૦ શેરો વાળા સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ ૨.૯૨ પોઈન્ટ ના મામૂલી ઘટાડા સાથે ૬૧,૭૬૧.૩૩ પોઈન્ટ ના સ્તર પર બંધ થયા છે. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૭.૫૦ પોઈન્ટ્સ અથવા ૦.૦૪ ટકાના ઘટાડા સાથે ૧૮,૨૫૬.૯૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો, નિફ્ટી પીએસયુ બેંકમાં ૨.૭૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તે જ સમયે, નિફ્ટી આઈટીમાં મહત્તમ ૦.૭૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. મહાનગર ગેસનો સ્ટોક લગભગ સાત ટકાના ઉછાળા સાથે બંધ થયો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ પર ઈન્ડસઈન્ડ બેક્નો શેર સૌથી વધુ ૧.૨૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ટીસીએસ૧.૦૪ ટકા વધીને બંધ રહ્યો હતો. એક્સિસ બેક્ ૧.૦૧ ટકા, ટાટા મોટર્સ ૦.૯૧ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૮૮ ટકા વધ્યા હતા.આ સિવાય ટાટા મોટર્સ, એચસીએલ ટેક, એશિયન પેઈન્ટ્સ, વિપ્રો, ટેક મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો, એચડીએફસી, (મારુતિ), બજાજ ફિનસર્વ, ઈન્ફોસીસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચયુએલ લીલા નિશાની સાથે બંધ થયા હતા.

આઈટીસી, એસબીઆઈ, બજાજ ફાઈનાન્સ, એનટીપીસી, પાવરગ્રીડ, આઈસીઆઈસીઆઈ બેંક, સન ફાર્મા, સેન્સેક્સ પર કોટક મહિન્દ્રા બેંક ), અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાઈટન અને ભારતી એરટેલમાં મહત્તમ બ્રેકડાઉન જોવા મળ્યું હતું.

જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વૈશ્વિક બજારમાં નબળા સેન્ટિમેન્ટને કારણે સ્થાનિક શેરબજારે તેની ધાર ગુમાવી હતી. આગામી યુએસ ફુગાવાના ડેટા વૈશ્વિક બજારના વલણને નક્કી કરવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયા છે.

યુએસ ફુગાવાના ડેટામાં વધુ ફેરફારની અપેક્ષા નથી. આવી સ્થિતિમાં ફેડ લાંબા સમય સુધી કડક વલણ જાળવી રાખે તેવી ચિંતા છે. જોકે, એફઆઈઆઈદ્વારા સતત ખરીદીના કારણે બજાર કરેક્શનથી બચી ગયું છે.

### આરટીઆઈ અરજીમાંથી માહિતી બહાર આવી

# દિલ્હીમાં ૮ વર્ષમાં ભ્રષ્ટાચારના આરોપમાં ૧૦૦થી વધુ અધિકારી જબ્બે

## આમાંના મોટાભાગના દિલ્હી જલ બોર્ડ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન અને મહેસૂલ વિભાગના છે જ્યાં સામાન્ય લોકો તેમના કામ માટે પહોંચે છે

નવી દિલ્હી, તા.૯

દિલ્હીમાં છેલ્લા ૮ વર્ષમાં ભ્રષ્ટાચારના આરોપમાં ૧૦૦થી વધુ અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. ૨૦૧૫થી ૨૦૨૨ વચ્ચે દર વર્ષે ઓછામાં ઓછા એક ડઝન અધિકારીઓની લાંચના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી એક આરટીઆઈઅરજીમાંથી બહાર આવી છે.

આમાંના મોટાભાગના દિલ્હી જલ બોર્ડ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન અને મહેસૂલ વિભાગના છે જ્યાં સામાન્ય લોકો તેમના કામ માટે પહોંચે છે. જો કે, આ સમયગાળા દરમિયાન ૧૪૪ કેસોમાં ફાઈલ કરવામાં આવેલ ચાર્જશીટમાં ચલણ અથવા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી પરંતુ માત્ર ૩૨ ટકા જ દોષિત સાબિત થયા હતા.

૨૦૧૫થી ૨૦૨૨ની વચ્ચે દિલ્હી સરકારના વિભાગોના ૧૦૧ અધિકારીઓને પકડવામાં આવ્યા હતા. આ ઉપરાંત એસીબીએ આ વર્ષે ૩ અધિકારીઓની ધરપકડ કરી હતી. આ વર્ષે પરિવહન વિભાગના બે અધિકારીઓ અને એમસીડીના એક અધિકારી ઝડપાયા હતા. આમ કુલ સંખ્યા ૧૦૪ થઈ ગઈ છે.

અહેવાલ પ્રમાણે એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, આ અધિકારીઓ એ વિભાગના છે જે એસીપીના કાર્યક્ષેત્રમાં આવે છે. કેન્દ્ર સરકારના વિભાગો અથવા નાગરિક સેવાઓના અધિકારીઓ હેઠળના વિભાગોમાં પોસ્ટ કરાયેલા અધિકારીઓના ભ્રષ્ટાચારના કેસ સીબીઆઈજેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓના કાર્યક્ષેત્રમાં આવે છે.

આરટીઆઈમાં મળેલા જવાબ મુજબ સૌથી વધુ ૨૩ અધિકારીઓ દિલ્હી જલ બોર્ડના છે. દિલ્હી સરકારના અધિકારીઓ સામે ભ્રષ્ટાચારની ૧૬૯ જેટલી ફરિયાદો અલગ-અલગ તબક્કામાં છે.

### કો-ઓપરેટિવ બેંકો પર પણ કરાઇ કાર્યવાહી

# HSBC બેન્ક પર રિઝર્વ બેંકે ૧.૭૩ કરોડનો ભારે દંડ ફટકાર્યો

## કેન્દ્રીય બેંક દ્વારા HSBC બેંકને કારણ બતાવો નોટિસ પણ જાહેર કરવામાં આવી છે, જેમાં બેંકને કહેવામાં આવ્યું છે કે CICના નિયમોની અવગણના કરીને તેણે સાચી માહિતી આપી નથી

નવી દિલ્હી, તા.૯

ભારતીય રિઝર્વ બેંક ઘણી વખત નિયમોની અવગણના કરવા બદલ બેંકો પર પગલાં લે છે. હાલમાં **HSBC** બેક્ પર રિઝર્વ બેંકે ૧.૭૩ કરોડ રૂપિયાનો ભારે દંડ ફટકાર્યો છે. ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની રૂલ્સ ૨૦૦૬નું ઉલ્લંઘન કરવા પર બેંક પર દંડ ફટકારવામાં આવ્યો છે. આરબીઆઈએ આ અંગે માહિતી આપી છે.

કેન્દ્રીય બેંકે કહ્યું હતું કે હોંગકોંગ એન્ડ શાંઘાઈ બેંકિંગ કોર્પોરેશન લિમિટેડ બેંકે ચાર ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓને ઝીરો બેલેન્સ ક્રેડિટ કાર્ડ વિશે ખોટી માહિતી આપી હતી. રિઝર્વ બેક્ે એમ પણ કહ્યું હતું કે રિસ્ક મેનેજમેન્ટ રિપોર્ટની તપાસમાં એ પણ સામે આવ્યું છે કે બેક્ે તેના એક્સપાયર થયેલા ક્રેડિટ કાર્ડ વિશે પણ ખોટી માહિતી રજૂ કરી હતી. આવી સ્થિતિમાં બેંક પર કાર્યવાહી કરતી વખતે રિઝર્વ બેંકે ૧.૭૩ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. **RBI** અનુસાર, **HSBC** બેંકની નાણાકીય સ્થિતિ ચકાસવા માટે ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી રિઝર્વ બેંકની સર્વેલન્સ તપાસ માટે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તપાસમાં જાણવા મળ્યું કે બેંક ક્રેડિટ કાર્ડ સંબંધિત આરબીઆઈના ઘણા નિયમોનું પાલન કરી રહી નથી. કેન્દ્રીય બેંક દ્વારા **HSBC** બેંકને કારણ બતાવો નોટિસ પણ જાહેર કરવામાં આવી છે. જેમાં બેંકને કહેવામાં આવ્યું છે કે **CIC**ના નિયમોની અવગણના કરીને તેણે સાચી માહિતી આપી નથી. આવી સ્થિતિમાં રિઝર્વ બેંક **HSBC** પર દંડ લગાવી રહી છે. બેંક દ્વારા મૌખિક અને લેખિત જવાબ અને વ્યક્તિગત સુનાવણી પછી આરબીઆઈએ નિયમોના ઉલ્લંઘનને ધ્યાનમાં રાખીને બેંક પર સંપૂર્ણ રીતે ૧.૭૩ કરોડ રૂપિયાનો દંડ લાદવાનો નિર્ણય કર્યો છે. આ સાથે આરબીઆઈએ કહ્યું કે નિયમોનું પાલન ન કરવાને કારણે બેંક પર આ દંડ લગાવવામાં આવ્યો છે અને બેંકના ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારના વ્યવહારમાં દખલ કરવાનો કેન્દ્રીય બેંકનો કોઈ ઈરાદો નથી. આ સાથે રિઝર્વ બેંકે ૮ મેના રોજ માહિતી આપી હતી કે તેણે નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ બે સહકારી બેંકો ત્રિચુર અર્બન કોઓપરેટિવ બેંક લિમિટેડ અને ભિલાઈ નાગરિક સહકારી બેંક પર દંડ પણ લગાવ્યો છે.

ત્રિચુર અર્બન કોઓપરેટિવ બેંક પર ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ભિલાઈ નાગરિક સહકારી બેંક પર ૧.૨૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ગોલ્ડ લોનના નિયમોની અવગણના કરવાને કારણે ત્રિચુર અર્બન કોઓપરેટિવ બેંક પર આ કાર્યવાહી લાદવામાં આવી છે. બીજી તરફ, ભિલાઈ નાગરિક સહકારી બેંક પર અનક્લેમ્ડ ડિપોઝિટને ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ સ્કીમમાં સમયસર નાણાં જમા ન કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી છે.

### બંગાળ-ઓડિશા સહિત રાજ્યોમાં એલર્ટ

# Cyclone Mochaની અસરથી વરસાદ શરૂ થયો

## દક્ષિણપૂર્વ બંગાળની ખાડી, પૂર્વ મધ્ય બંગાળની ખાડી અને આંદમાન સમુદ્રની આસપાસના વિસ્તારોમાં તોફાનનું સ્વરૂપ લેશે

નવી દિલ્હી, તા.૯

**Cyclone Mocha**ની અસર દેશના ઘણા રાજ્યોમાં જોવા મળી રહી છે. હવામાન વિભાગે બંગાળ, ઓડિશા અને છત્તીસગઢના દરિયાકાંઠાના વિસ્તારો ઉપરાંત દેશના ઘણા મેદાની વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે **Cyclone Mocha**થી દેશના કયા કયા ભાગો પ્રભાવિત થશે? **IMD**ના ડીજી મૃત્યુંજય મહાપાત્રાના જણાવ્યા અનુસાર તોફાન ધીમે ધીમે બંગાળની ખાડીના મધ્ય ભાગ તરફ આગળ વધશે અને ૧૦ મે સુધીમાં તે વધુ તીવ્ર બનશે. તેની અસરને કારણે આંધ્ર પ્રદેશ, બિહાર, પંજાબ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, કેરળ, કર્ણાટકના દક્ષિણ ભાગો, તમિલનાડુ, પુડુચેરી, આસામ, અરુણાચલ પ્રદેશ અને મેઘાલયના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૦ મેના રોજ **Cyclone Mocha** દક્ષિણપૂર્વ બંગાળની ખાડી, પૂર્વ મધ્ય બંગાળની ખાડી અને આંદમાન સમુદ્રની આસપાસના વિસ્તારોમાં તોફાનનું સ્વરૂપ લેશે. જેના કારણે ૧૨ મે સુધી મોટાભાગના સ્થળોએ મધ્યમ વરસાદ જોવા મળશે. ૯થી ૧૧ મે દરમિયાન દરિયાકાંઠા અને સરહદી વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન ૭૦-૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. બંગાળ અને ઓડિશા બંનેમાં આ વાવાઝોડાને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે એટલે કે ૯ મેના રોજ દેશની રાજધાની નવી દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાઈ શકે છે. આ દરમિયાન રાજધાનીમાં ભારે પવન ફૂંકાવાની સંભાવના છે. એજન્સી સ્કાયમેટ અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં એક કે બે જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. આંદમાન અને નિકોબાર ટાપુઓના દક્ષિણ ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. દક્ષિણપૂર્વ બંગાળની ખાડી અને આંદમાનના દરિયામાં સ્થિતિ ખૂબ જ ખરાબ રહેશે અને દરિયામાં મોજા ઉંચા ઉછળી શકે છે. તમિલનાડુ, દક્ષિણ અને તટીય કર્ણાટક, કેરળ અને મધ્ય મહારાષ્ટ્રના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સિવાય ઓડિશા, દક્ષિણ છત્તીસગઢ, મધ્ય ઉત્તર પ્રદેશ, લક્ષદ્વીપ, તેલંગણા, વિદર્ભ, મરાઠવાડા અને આંધ્રપ્રદેશમાં હળવો વરસાદ થવાની સંભાવના છે.

### એક ઓવરમાં રસેલે પલટી દીધી બાજી

# કોલકાતા નાઈટ રાઈડર્સે પંજાબને પાંચ વિકેટે પરાજય આપ્યો

## કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ૧૮૦ રનનો લક્ષ્યાંક હતો, એક સમયે કોલકાતા હારી જવાની અણી પર આવી ગયું હતું

નવી દિલ્હી, તા.૯ , કેપ્ટન નિતિશ રાણાની અડધી સદી બાદ આન્દ્રે રસેલે રમેલી તોફાની ઈનિંગ્સની મદદથી કોલકાતા નાઈટ રાઈડર્સે સોમવારે ઈડન ગાર્ડન્સમાં રમાયેલા મુકાબલામાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે પાંચ વિકેટે શાનદાર વિજય નોંધાવ્યો હતો. આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૨૦૨૩નો આ વધુ એક મુકાબલો એવો રહ્યો જેનું પરિણામ અંતિમ બોલ પર આવ્યું હતું. પંજાબ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી હતી. કેપ્ટન શિખર ધવનના ૫૭ રનની મદદથી પંજાબે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૯ રન નોંધાવ્યા હતા. જેના જવાબમાં કોલકાતાએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટ ૧૮૨ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ૧૮૦ રનનો લક્ષ્યાંક હતો. એક સમયે કોલકાતા હારી જવાની અણી પર આવી ગયું હતું. ટીમને બે ઓવરમાં ૨૬ રનની જરૂર હતી. ત્યારે સેમ કરને કરેલી ૧૯મી ઓવરમાં આન્દ્રે રસેલે ત્રણ સિક્સર ફટકારીને મેચની બાજી પલટી દીધી હતી. તેણે કોલકાતાને વિજય અપાવ્યો હતો. તેણે ૨૩ બોલમાં ત્રણ ચોગ્ગા અને ત્રણ સિક્સરની મદદથી ૪૨ રનની તાબડતોબ ઈનિંગ્સ રમી હતી. અંતિમ ઓવરમાં ટીમને છ રનની જરૂર હતી ત્યારે આન્દ્રે રસેલ આઉટ થઈ ગયો હતો. જોકે, રિંકુ સિંહે અંતિમ બોલમાં ચોગ્ગો ફટકારીને ટીમને જીતાડી દીધી હતી. આ પહેલા કેપ્ટન નિતિશ રાણાએ શાનદાર બટિંગ કરી હતી. તેણે ૩૮ બોલમાં છ ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૫૧ રનની ઈનિંગ્સ રમી હતી. જ્યારે ઓપનર જેસન રોયે ૨૪ બોલમાં ૩૮ અને ગુરબાઝે ૧૫ રનનું યોગદાન આપ્યું હતું. રિંકુ સિંહ ૧૦ બોલમાં બે ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૨૧ રન નોંધાવીને નોટઆઉટ રહ્યો હતો. પંજાબ માટે રાહુલ ચહરે બે વિકેટ ઝડપી હતી જ્યારે નાથન એલિસ અને હરપ્રીત બ્રારે એક-એક વિકેટ પોતાના નામે કરી હતી. પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ઓપનર પ્રભસિમરન ૧૨ રન નોંધાવીને આઉટ થયો હતો. જ્યારે ભાનુકા રાજપક્સા ખાતું ખોલાવ્યા વગર પેવેલિયન ભેગો થયો હતો. જોકે, કેપ્ટન શિખર ધવને શાનદાર બેટિંગ કરી હતી. તેણે ૪૭ બોલમાં નવ ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૫૭ રનની ઈનિંગ્સ રમી હતી. આ ઉપરાંત લિયામ લિવિંગસ્ટોને ૧૫ તથા જિતેષ શર્માએ ૨૧ રનનું યોગદાન આપ્યું હતું. સેમ કરન ફક્ત ચાર રન નોંધાવી શક્યો હતો. જોકે, અંતિમ ઓવર્સમાં હરપ્રીત બ્રાર અને શાહરૂખ ખાને તોફાની અંદાજમાં બેટિંગ કરી હતી જેના કારણે ટીમનો સ્કોર વધારે મજબૂત બન્યો હતો. હરપ્રીતે નવ બોલમાં બે ચોગ્ગા અને એક સિક્સરની મદદથી અણનમ ૧૭ રન નોંધાવ્યા હતા. જ્યારે શાહરૂખ ખાને આઠ બોલમાં અણનમ ૨૧ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ ચોગ્ગા અને એક સિક્સર સામેલ હતી. કોલકાતા માટે વરૂણ ચક્રવર્તીએ ત્રણ તથા હર્ષિત રાણાએ બે વિકેટ ઝડપી હતી. જ્યારે સુયશ શર્મા અને નિતિશ રાણાએ એક-એક વિકેટ ઝડપી હતી.

### અલ કાદિર ટ્રસ્ટના કેસમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ફસાયા

# ઈસ્લામાબાદ હાઈકોર્ટની બહારથી પાક. રેન્જર્સે ઈમરાનખાનની ધરપકડ કરી

## ઈમરાન ખાનની ધરપકડ પર ઈસ્લામાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસે નારાજગી વ્યક્ત કરી, કોર્ટમાં હાજર થયા પહેલા જ ધરપકડ કરવામાં આવી

ઈસ્લામાબાદ, તા.૯

પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાનની પાકિસ્તાની રેન્જર્સે આજે ઈસ્લામાબાદ હાઈકોર્ટની બહારથી ધરપકડ કરવામાં આવી છે. મહત્વનું છે કે છેલ્લા કેટલાંય દિવસોથી ઈમરાન ખાન પર ધરપકડના ભણકારા વાગી રહ્યાં હતાં. આ પૂર્વ તેની ધરપકડની ખબરોની વચ્ચે પાકિસ્તાનમાં તેમના સમર્થકો દ્વારા ભારે હોબાળો પણ મચાવાયો હતો. અલ કાદિર ટ્રસ્ટના કેસમાં ઈમરાન ખાનની ધરપકડ કરવામાં આવી છે. ઈમરાન ખાનની ધરપકડ પર ઈસ્લામાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, કોર્ટના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ઈમરાન ખાનની કોર્ટમાં હાજર થયા પહેલા જ ધરપકડ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસે આઈજી ઈસ્લામાબાદ, હોમ સેક્રેટરીને ૧૫ મિનિટમાં બોલાવ્યા છે. આઈજી ઈસ્લામાબાદ, હોમ સેક્રેટરી ૧૫ મિનિટમાં નહીં આવે તો મુખ્યમંત્રીએ આવવું પડશે.ઈસ્લામાબાદ પોલીસે જણાવ્યું કે, શહેરમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. પોલીસે ઈમરાનની કારને ઘેરી લીધી હતી. ઈમરાનની ધરપકડ કરવાના અનેક નિષ્ફળ પ્રયાસો બાદ પૂર્વ પ્રધાનમંત્રીને નજરકેદ કરવામાં આવ્યા છે, આ અગાઉ લાહોરના જમાન પાર્કમાં તેમના નિવાસસ્થાન પર પોલીસના દરોડામાં તે સફળતાપૂર્વક નાસી છૂટ્યા હતા.ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈના નેતા મુસરત ચીમાએ ટ્વીટ કરીને દાવો કર્યો છે કે, પાકિસ્તાની રેન્જર્સ ઈમરાન ખાનને ટોર્ચર કરી રહ્યા છે. પીટીઆઈ દ્વારા ટ્વીટ કરવામાં આવેલા વીડિયોમાં ઈમરાન ખાનના વકીલ ઘાયલ પણ જોવા મળે છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ કરવામાં આવી છે. ઈમરાનની મંગળવારે એ સમયે ધરપકડ કરવામાં આવી જ્યારે તેઓ ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં બાયોમેટ્રિક વેરિફિકેશન માટે જઈ રહ્યા હતા. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના નેતા મુસરત ચીમાએ દાવો કર્યો છે કે ઈમરાનને ત્રાસ આપવામાં આવી રહ્યો છે. પક્ષ તરફથી ઈમરાનને મારવાની અને ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું કહેવાઈ રહ્યું છે. ઈમરાનની લાહોરની રેલી બાદ ધરપકડ કરવામાં આવી હતી જેમાં તેમણે સેના પર ગંભીર આરોપ લગાવ્યા હતા. પોતાની રેલીમાં ઈમરાને પૂર્વ રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી અને વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો પર પણ નિશાન સાધ્યું હતું. પીટીઆઈના ઉપાધ્યક્ષ ફવાદ ચૌધરીએ આ અંગે ટ્વીટ કરીને કહ્યું કે હાઈકોર્ટ પર હાલમાં રેન્જર્સનો કબજો છે અને વકીલો પર અત્યાચાર થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે ઈમરાનની કારને પણ ઘેરી લેવામાં આવી હતી. પીટીઆઈના અન્ય એક નેતા અઝહર મશવાનીએ આરોપ લગાવ્યો છે કે ઈમરાનનું કોર્ટની બહાર રેન્જર્સ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. મશવાનીના જણાવ્યા અનુસાર, પાર્ટીએ તેમના સમર્થકોને દેશભરમાંથી એકત્ર થવા માટે કહ્યું છે. ધરપકડ પહેલા, વડાપ્રધાન શેહબાઝ શરીફ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) ના સહ-અધ્યક્ષ આસિફ અલી ઝરદારીએ ઈમરાન ખાન દ્વારા સેના પર લગાવવામાં આવેલા ગંભીર આરોપોની નિંદા કરી હતી. જીઓ ન્યૂઝના અહેવાલ અનુસાર શરીફે કહ્યું કે રાજકીય લાભ માટે પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સીઓને નિયમિતપણે બદનામ કરવા અને ધમકી આપવાનું ખાનનું કૃત્ય અત્યંત નિંદનીય છે. વડાપ્રધાને કહ્યું કે, જનરલ ફૈઝલ નસીર અને અમારી ગુપ્તચર એજન્સીના અધિકારીઓ સામે કોઈપણ પુરાવા વિના આક્ષેપો કરવાની મંજૂરી આપી શકાય નહીં અને તેને સહન કરવામાં આવશે નહીં. તે જ સમયે પૂર્વ રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ કહ્યું કે પીટીઆઈ ચીફે સંસ્થાઓને બદનામ કરવા માટે તમામ હદો વટાવી દીધી છે, જે હવે સહન કરવામાં આવશે નહીં. પીટીઆઈ ચીફ જિયોનું નામ લીધા વિના ઝરદારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'સંસ્થાઓને બદનામ કરવાના પ્રયાસથી વ્યક્તિનો અસલી ચહેરો છતો થઈ ગયો છે અને તે પૂરતું છે. કોઈ દેશભક્ત તેમનું ભાષણ સાંભળીને વિદેશી એજન્ટને અનુસરવાનું વિચારી પણ ન શકે. ઝરદારીએ કહ્યું કે પાકિસ્તાન આર્મીના બહાદુર અને પ્રતિષ્ઠિત અધિકારીઓ પરના આરોપો એ સંસ્થા પર હુમલો છે જેની સાથે આખું પાકિસ્તાન ઊભું છે. જિયો ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે, એક માણસ તેના નિર્દોષ કાર્યકરોને જુઠ્ઠાણા અને છેતરપિંડીથી મૂર્ખ બનાવી રહ્યો છે, હું આ માણસનું પતન જોઈ રહ્યો છું. પૂર્વ રાષ્ટ્રપતિએ કહ્યું કે આ તે દેશ છે જ્યાં આપણે બધાએ દફન થવાનું છે, અને અમે એક વ્યક્તિને આપણા મૂલ્યો અને આપણા દેશ સાથે રમવાની મંજૂરી આપીશું નહીં.

### PM મોદી ગિફ્ટ સિટીની લેશે મુલાકાત

# ૧૨ મે એ પ્રધાનમંત્રી એક દિવસ ગુજરાતની મુલાકાતે

## મહાત્મા મંદિર ખાતે વિવિધ લોકાર્પણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ મેના રોજ એક દિવસ ગુજરાતની મુલાકાત આવવાના છે. PM મોદી ગિફ્ટ સિટીની મુલાકાત લેશે તેમજ ગાંધીનગરમાં વિવિધ કંપનીઓના CEO અને યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોને પણ મળશે તેમજ શિક્ષક સંઘના કાર્યક્રમમાં હાજરી આપશે.વડાપ્રધાન મોદી ૧૨ મેના રોજ મહાત્મા મંદિરમાં વિવિધ લોકાર્પણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે તેમજ સાંજે ગિફ્ટ સિટી પાસે અન્ય એક કાર્યક્રમમાં પણ હાજરી આપશે તેમજ બપોરે ૨ કલાક રાજ ભવનમાં અલગ અલગ બેઠકો કરશે. વધુમાં તમને જણાવી દઈએ કે, ૧૯૪૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૪૨ હજાર આવાસોનું લોકાર્પણ કરાવશે.

ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે ૧૨ અને ૧૩ મેના રોજ પ્રાથમિક શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશન યોજવા જઈ રહ્યું છે. PM મોદીના હસ્તે શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનને ખુલ્લું મુકવામાં આવશે. પ્રાથમિક શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનમાં શિક્ષક સંઘ સાથે જોડયેલા સમગ્ર દેશના શિક્ષકો હાજર રહેશે. આપને જણાવી દઈએ કે, દેશના વિવિધ રાજ્યમાં દર ૨ વર્ષે અધિવેશનનું આયોજન કરવામાં આવે છે. આ વખતે ગાંધીનગર ખાતે આ અધિવેશનનું આયોજન કરાયું છે.

# અતીકની બેગમ શાઈસ્તાને પોલીસે માફિયા કરી જાહેર

## શાઈસ્તા પોલીસ પકડથી દૂર છે અને ફરાર છે ત્યારે પોલીસ માટે શાઈસ્તા પરવીનને ઝડપી પાડવી એક પડકાર બની ગયો છે

પ્રયાગરાજ, તા.૯

પૂર્વ બાહુબલી સાંસદ અતીક અહેમદની પત્ની શાઈસ્તા પરવીનને પોલીસે માફિયા જાહેર કરી દીધી છે. પોલીસે પોતાની એફઆઈઆરીમાં શાઈસ્તા પરવનીને માફિયા ગુનેગાર દર્શાવી છે. એફઆઈઆરમાં એવું પણ લખવામાં આવ્યું છે કે, શાઈસ્તા પરવીન પોતાની સાથે શૂટર રાખે છે.

ઉમેશ પાલ શૂટઆઉટમાં આરોપી અને પાંચ લાખના ઈનામી સાબીરને શાઈસ્તા પરવીનનો શૂટર બતાવવામાં આવ્યો છે. પ્રયાગરાજના ધૂમનગંજ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ રાજેશ કુમાર મોર્યે ૨ મેના રોજ પોતાના જ પોલીસ સ્ટેશનમાં એક એફઆઈઆર નોંધાવી હતી. શાઈસ્તા પરવીન પોતાના દીકરા અસદના જે દોસ્ત આતીન ઝફરના ઘરે રોકાઈ હતી ત્યાં દરોડા પાડ્યા બાદ પોલીસે આ એફઆઈઆર નોંધી હતી. ૧૫ એપ્રિલના રોજ અતીક અહેમદની હત્યા બાદ તેની દફનવિધિમાં સામેલ થવા માટે ૧૬ એપ્રિલના રોજ શાઈસ્તા આતીન ઝફરના ઘરે રોકાઈ હતી. ૨ મેના રોજ આતીનની ધરપકડ બાદ પોલીસે પોતાના દ્વારા તેની વિરુદ્ધમાં એક એફઆઈઆર નોંધી હતી. આ એફઆઈઆરમાં શાઈસ્તા પરવીનને માફિયા ગુનેગાર બતાવવામાં આવી છે.

એવું પણ લખવામાં આવ્યું છે કે, શાઈસ્તા પરવીન અને તેના શૂટરોને આતીને આશરો આપ્યો હતો. ઈનામી ગુનેગાર સાબીરને શાઈસ્તા પરવીનનો શૂટર બતાવવામાં આવ્યો છે. ચર્ચા છે કે, પોલીસ હવે ટૂંક સમયમાં શાઈસ્તા પરવીનનું નામ માફિયાઓની યાદીમાં નાખવાની તૈયારીમાં છે. બીજી તરફ, ઉમેશ પાલની હત્યા બદ ગુડ્ડુ મુસ્લિમે અનેક દિવસો સુધી કૌશાંબીના અવધન ગામમાં આશરો લીધો હતો. આ ગામના એક ફાર્મ હાઉસમાં ગુડ્ડુ મુસ્લિમ કેટલાંક દિવસો સુધી રોકાયો હતો. આ ફાર્મ હાઉસ અતીક અહેમદના ખૂબ જ નજીકના શમીમ અને નસીમનું છે. શમીમ અને નસીમ બંને સગા ભાઈઓ છે. પોડાશના ગામનો એક પ્રધાન પણ આશરો આપવામાં સામેલ હતો. બીજી તરફ, એવા પણ રિપોર્ટ સામે આવ્યા છે કે, રાજુ પાલ મર્ડર કેસમાં ૧૮ વર્ષથી ફરાર આરોબી અબ્દુલ કવિએ ગુડ્ડુ મુસ્લિમને હથિયારો પૂરા પાડ્યા હતા. બાદમાં પોલીસ અને પીએસસીએ અહીં દરોડા પાડ્યા હતા. જો કે, દરોડા પહેલાં જ ગુડ્ડુ મુસ્લિમ અહીંથી ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસના દરોડા બાદ ફાર્મ હાઉસના માલિક શમીમ અને નસીમ પણ સતત ફરાર છે. પોલીસ પણ આ આરોપીઓને શોધી રહી છે. અવધન ગામ કોશાંબી જિલ્લાના પિપરી પોલીસ સ્ટેશન હેઠળ આવે છે.

### ગુજરાતમાં કોરોનાના વળતાં પાણી

# રાજ્યમાં કોરોના વાયરસના નવા કુલ ૨૨ કેસ નોંધાયા

## એક્ટિવ કેસની સંખ્યા ૩૬૮ એ પહોંચી છે, જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૧ ટકા થયો છે

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૦૯ મેના રોજ કોરોનાના નવા ૨૨ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૫૦૦ની અંદર આવી છે. એક્ટિવ કેસની સંખ્યા ૩૬૮એ પહોંચી છે. જેમાં અમદાવાદમાં ૦૭, વડોદરામાં ૦૪, સુરતમાં ૦૭, મહેસાણામાં ૦૨, અમરેલીમાં ૦૧, કચ્છમાં ૦૧, કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૦ ટકા થયો છે. તેમજ કોરોનાથી આજે ૧૦૭ દર્દી સાજા થયા છે. આ દરમ્યાન છેલ્લા ત્રણ વર્ષથી કોરોના સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે. આ ખતરનાક ચેપને કારણે કરોડો લોકોના મોત પણ થયા છે. કોવિડ ૧૯ ના વિવિધ પ્રકારોને કારણે, આ ચેપ ખૂબ જ ખતરનાક બની ગયો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક ખતરો અને રોગચાળો જાહેર કર્યો હતો. હવે આ રોગચાળાને લઈને એક રાહતના સમાચાર છે. WHOએ કોરોનાને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીની યાદીમાંથી હટાવી દીધો છે. સરળ શબ્દોમાં કહીએ તો, કોરોના રોગ હવે વૈશ્વિક કટોકટી નથી. જો કે WHOએ હજુ સુધી આ રોગચાળાના અંતની જાહેરાત કરી નથી, પરંતુ તેણે સ્વીકાર્યું છે કે હવે કોવિડને કારણે કોઈ કટોકટીની સ્થિતિ નથી. એટલે કે, આ રોગ રહેશે, પરંતુ તેના કારણે મૃત્યુનો કોઈ ભય નથી. એટલે કે, હવે કોવિડને આંતરરાષ્ટ્રીય સ્તરે તે જ જોખમ નથી, જે પહેલા હતું, જોકે હજી પણ વાયરસને લઈને સાવધ રહેવાની જરૂર છે. જાન્યુઆરી ૨૦૨૦ માં, WHO એ કોરોનાને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી. તે દરમિયાન તમામ દેશોને આ રોગથી બચવા અને તેના સંક્રમણને રોકવા માટે કહેવામાં આવ્યું હતું. WHOમાં સામેલ તમામ ૧૯૬ દેશોએ કોવિડથી બચવાના માર્ગદર્શિકાનું પાલન કરવું પડ્યું હતું. જો કે, હવે તેને વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી તરીકે સમાપ્ત માનવામાં આવે છે.

### ભારતીય હોકી ટીમના વાઈસ કેપ્ટને ઈતિહાસ રચ્યો

# હાર્દિક સિંહને હોકી પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યો

## હાર્દિકના શાનદાર ફોર્મને કારણે માર્ચમાં હોકી ઈન્ડિયા વાર્ષિક પુરસ્કારોમાં બલબીર સિંહ સિનિયર પ્લેયર ઓફ ધ યર એવોર્ડ મળ્યો હતો

નવી દિલ્હી, તા.૯

ભારતીય હોકી ટીમના વાઈસ કેપ્ટન હાર્દિક સિંહે ઈતિહાસ રચ્યો છે. હાર્દિકને હોકી પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

આ સન્માન બાદ હાર્દિક સિંહે કહ્યું હતું કે તેની મહેનત રંગ લાવી છે. ખરાબ ફોર્મ અને બેદરકારીના કારણે ટીમ ઈન્ડિયામાંથી બહાર થઈ ગયેલા હાર્દિકે પોતાની મહેનતને આધારે શાનદાર ટીમમા જગ્યા બનાવી હતી અને ટીમનો વાઈસ કેપ્ટન બન્યો હતો. હાર્દિકના શાનદાર ફોર્મને કારણે માર્ચમાં હોકી ઈન્ડિયા વાર્ષિક પુરસ્કારોમાં બલબીર સિંહ સિનિયર પ્લેયર ઓફ ધ યર એવોર્ડ મળ્યો હતો.હાર્દિકે કહ્યું હતું કે આ સમયે હું ખુશ છું કે પ્રદર્શનમાં દિવસેને દિવસે સુધારો થઈ રહ્યો છે અને હંર દરેક સત્રમાં વધુ સારું કરી રહ્યો છું. હું ૨૦૧૭, ૧૮માં મારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી ગયો હતો જેના કારણે ખરાબ રમતને કારણે ટીમમાંથી બહાર થઈ ગયો. ટીમમા ફરી રીટર્ન થવા માટે મારે મારી જાતને ફરીથી સેટ કરવી પડી હતી. હાર્દિક ઈજાને કારણે ૨૦૨૩ વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો હતો. તેણે કહ્યું હતું કે વિશ્વ કપ મારા માટે પોતાને સાબિત કરવાની મોટી તક હતી. હું પણ સારું રમી રહ્યો હતો પરંતુ પછી ઈજાગ્રસ્ત થયો હતો. હું આઘાતમાં હતો કારણ કે હું ટૂર્નામેન્ટ માટે સખત મહેનત કરી રહ્યો હતો. ઓલિમ્પિક બાદ મારું ધ્યાન માત્ર વર્લ્ડ કપ પર હતું. મેં બહારથી ટીમને ઉત્સાહિત કરી હતી અને સકારાત્મક રહેવાનો પ્રયાસ કર્યો હતો.

### મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ મોટાભાગના ઘરોમાં ગેસ કનેક્શન

# વાર્ષિક આઠ એલપીજી સિલિન્ડર પર સબસિડી આપવા કમિટીની ભલામણ

## પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયની એનર્જી ટ્રાન્ઝિશન કમિટીના રિપોર્ટમાં ભલામણ કરાઈ, કેન્દ્ર સરકાર ટૂંકમાં નિર્ણય લઈ શકે છે

નવી દિલ્હી, તા.૯

મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ મોટાભાગના ઘરોમાં ગેસ કનેક્શન છે. ગેસ કનેક્શન ધરાવતા લોકો માટે એક મોટા સારા સમાચાર આવી રહ્યા છે. સમાચાર છે કે સરકાર એલપીજી સિલિન્ડર પર સબસિડી ફરી શરૂ કરી શકે છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયની એનર્જી ટ્રાન્ઝિશન કમિટીના રિપોર્ટમાં વાર્ષિક સાતથી આઠ સિલિન્ડર પર સબસિડી આપવાની ભલામણ કરવામાં આવી છે. આવી સ્થિતિમાં, આશા છે કે સરકાર આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લઈ શકે છે. એક પ્રતિષ્ઠિત અખબારમાં એલપીજી સિલિન્ડર પર સબસિડી ફરી શરૂ કરવા સંબંધિત પ્રકાશિત સમાચાર અનુસાર, સરકાર સબસિડી આપવા પર પુનર્વિચાર કરી શકે છે. તમને જણાવી દઈએ કે 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' વર્ષ ૨૦૧૬માં મોદી સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હતી. ત્યારથી, સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી, ૯.૫ કરોડ ઓછી આવક ધરાવતા પરિવારોને એલપીજી કનેક્શન આપવામાં આવ્યા છે. આજે દેશના ૩૦ કરોડ ઘરોમાં એલપીજીનો ઉપયોગ થઈ રહ્યો છે.રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું હતું કે એલપીજીની ઊંચી કિંમતને કારણે દેશના ૮૫ ટકા પરિવારો રસોઈ માટે એલપીજીનો સંપૂર્ણ ઉપયોગ કરી શકતા નથી. આપને જણાવી દઈએ કે કોરોના સમયગાળા પહેલા સરકાર દ્વારા વાર્ષિક ૧૨ સિલિન્ડર પર સબસિડી આપવામાં આવતી હતી. પરંતુ હવે આઠ સિલિન્ડર પર એલપીજી સબસિડી આપવાની વાત ચાલી રહી છે. સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની સંખ્યામાં ઘટાડો કરવાથી સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડીની કુલ રકમમાં ૧૩ થી ૧૫ ટકાનો ઘટાડો થશે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ઘરમાં રસોઈ બનાવવા માટે વાર્ષિક આઠ સિલિન્ડરની જરૂર પડે છે. રિપોર્ટમાં પહેલાંની જેમ અમીર લોકો વતી સબસિડી છોડવાની વાત કહેવામાં આવી છે. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવ્યું હતું કે જો કોઈ પરિવાર દર વર્ષે ત્રણ સિલિન્ડર લે છે, તો તેમને ચારથી સાત સિલિન્ડર લેનારા કરતાં વધુ સબસિડી આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે હજુ પણ દેશના ત્રણ ચતુર્થાંશ પરિવારો પાસે એલપીજીકનેકશન નથી. આ પરિવારોની માસિક આવક ૧૦,૦૦૦ રૂપિયાથી ઓછી છે.

### ધ કેરળ સ્ટોરીને લઈને વિવાદ જારી

# ધ કેરળ સ્ટોરીના તમામ ક્રૂ મેમ્બર્સને ધમકી, પોલીસ સુરક્ષા અપાઈ

## ક્રૂ મેમ્બરમાંથી એકને અજાણ્યા નંબર પરથી ટેક્સ્ટ મેસેજ મેસેજમાં એકલા ઘરની બહાર ન નીકળવાની ધમકી આપવામાં આવી

મુંબઈ, તા.૯

ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી'ના ક્રૂ મેમ્બરને ધમકીનો મેસેજ મળ્યો છે. તમામ ક્રૂ મેમ્બરને ઘરની બહાર ન નીકળવાની ચેતવણી આપવામાં આવી હતી. ફિલ્મના ડિરેક્ટર સુદીપ્તો સેને આ મામલે પોલીસને જાણ કરી હતી. ક્રૂ મેમ્બરને પોલીસ દ્વારા સુરક્ષા આપવામાં આવી છે. ફિલ્મની રિલીઝ પહેલા જ તેને લઈને વિવાદ ચાલી રહ્યો છે અને ફિલ્મની રિલીઝ પર ઘણી જગ્યાએ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

મુંબઈ પોલીસના જણાવ્યા મુજબ ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી'ના ક્રૂ મેમ્બરને અજાણ્યા નંબર પરથી ધમકીભર્યો મેસેજ મળ્યો છે. આ ધમકીભર્યા મેસેજ અંગે ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી'ના ડિરેક્ટર સુદીપ્તો સેને પોલીસને જણાવ્યું હતું કે ક્રૂ મેમ્બરમાંથી એકને અજાણ્યા નંબર પરથી ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. તેણે જણાવ્યુ હતું કે આ મેસેજમાં ક્રું મેમ્બરને એકલા ઘરની બહાર ન નીકળવાની ધમકી આપી હતી અને કહ્યું હતું કે તેણે ફિલ્મ દેખાડીને સારું કામ કર્યું નથી.

માહિતી મળતાની સાથે જ કાર્યવાહી કરતા પોલીસે ફિલ્મના ક્રૂ મેમ્બર્સને સુરક્ષા પૂરી પાડી હતી. જો કે હજુ સુધી પોલીસ દ્વારા એફઆઆરનોંધવામાં આવી નથી કારણ કે તેમને હજુ સુધી કોઈ લેખિત ફરિયાદ મળી નથી. આ ફિલ્મને પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સરકારે 'શાંતિ જાળવવા' અને રાજ્યમાં 'નફરત અને હિંસા'ની ઘટનાઓને ટાળવા માટે પ્રતિબંધ મૂક્યો છે. સુદીપ્તો સેન દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મનો કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો. તેણે તેને 'RSSનો પ્રચાર ગણાવ્યો હતો. આ ફિલ્મને લઈને હજુ પણ વિવાદ અટકવાનું નામ લઈ રહ્યો નથી.

### અમદાવાદની ૧૪૬મી રથયાત્રા

# જગન્નાથજીની રથયાત્રાના મામેરાની તૈયારીઓ શરૂ

## આગામી સમયમાં ભગવાનનું મામેરૂ ભરવામાં આવશે ત્યારે પ્રથમ વખત રથયાત્રામાં એક કલરની સાડી અને કુર્તામાં ભક્તો જોવા મળશે

અમદાવાદ, તા.૯

ભગવાન જગન્નાથજીની રથયાત્રાના મામેરાને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વખતે ૧૪૬ મી રથયાત્રામાં ઘનશ્યામ પટેલ મામેરૂ ભરશે. મામેરાને લઈને અત્યારથી પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ૩ હજાર ૭૦૦ સાડી, ૧૦૦૦ ડ્રેસ અને ૭૦૦ કુર્તા પ્રસાદમાં આપવામાં આવશે. પ્રથમ વખત રથયાત્રામાં એક કલરની સાડી અને કુર્તામાં ભક્તો જોવા મળશે.

આ બાબતે ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભગવાનનું મામેરૂ ભરવાની રાહ તો છેલ્લા ૧૦ વર્ષથી જોવાઈ રહી હતી. અને આ વખતે લક્કી ડ્રો સીસ્ટમ હતી. તે લક્કી ડ્રો માં એક દિકરીએ ચિઠ્ઠી ઉપાડી. જેમાં મેઘાણી નગરના ભક્તો અને ભક્તિની દયાનાં હિસાબે ભગવાન જગન્નાથનું મામેરૂ મળેલું છે. મેઘાણીનગર, અસારવા, શાહીબાગની જાહેર જનતા અને તેમની ભકિતના કારણે મેઘાણીનગરમાંથી પહેલી વખત મામેરૂ ભરવાનો લ્હાવો મળ્યો છે.

જેથી ભક્તો ખૂબ ખુશ છે. જેમ આપણા ત્યાં મામેરૂ હોય તો બહેન, દિકરી, ભાણીયાઓનું મામેરૂ ભરતા હોઈએ છીએ. તો આ સાડી બહેન દિકરીઓને પ્રસાદ રૂપે આપવામાં આવશે. આ સાડીઓ પહેલા જાહેરમાં ભગવાન પાસે મુકાશે. જે બાદ પ્રસાદ રૂપે એટલે કે ભગવાન તેઓની પણ પ્રગતિ કરાવે તેવી પ્રાર્થના સાથે આ સાડી,ઝભ્ભા, નાની દિકરીઓને આપવા માટે ૧૦૦૦ ડ્રેસ પણ લાવવામાં આવ્યા છે. તેમજ નાના મોટા સેટ પણ લાવ્યા છીએ. પણ એ બધુ પ્રસાદ રૂપે આ ભગવાનનો પ્રસાદ છે. આ સાડીઓ પ્રસાદ રૂપે બહેન દિકરીઓને આપવામાં આવશે.

### સિંગતેલના વધતા ભાવે ગૃહણીઓનું બજેટ બગાડ્યું

# ત્રણ દિવસમાં સિંગતેલમાં ડબ્બા પર ૧૦૦ રૂપિયાનો વધારો

## મગફળી અન કપાસની આવક ઓછી હોવાના કારણે પણ તેલના ભાવ વધ્યા, અન્ય તેલના ભાવમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી

રાજકોટ, તા.૯

સીંગતેલના ભાવમાં વધારો થવાનું યથાવત છે. સીંગતેલના ભાવમાં સતત ત્રીજા દિવસે વધારો થયો છે. ત્રણ દિવસમાં સીગતેલમાં ડબ્બે ૧૦૦ રૂપિયાનો ભાવ વધારો થયો છે. સીંગતેલના ડબ્બાનો ભાવ વધતા ગૃહિણીઓ બજેટ ખોરવાતા પરેશાન થઈ ગઈ છે. સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે સીંગતેલના ભાવ વધતા મધ્યમ વર્ગની મુશ્કેલી વધી રહી છે.

છેલ્લા થોડા દિવસમાં સીંગતેલની માગ વધતા ભાવ વધારો થઈ રહ્યો છે. સીંગતેલના સતત ભાવ વધારાને લઈને ગૃહિણીઓ પરેશાન થઈ ગઈ છે. ગત વર્ષે પણ સીંગતેલના ભાવ આસમાને પહોંચ્યા હતા. મગફળી અન કપાસની આવક ઓછી હોવાના કારણે પણ તેલના ભાવ વધ્યા છે.

સીંગતેલ સિવાય અન્ય તેલના ભાવમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી. આજે સતત ત્રીજા દિવસે સીંગતેલમાં ભાવ વધતા હવે સીંગતેલના ડબ્બાનો નવો ભાવ રુપિયા ૨૮૬૦થી વધીને રુપિયા ૨૯૬૦ થયો છે. ત્રણ જ દિવસમાં ૧૦૦ રુપિયાનો વધારો થતા સામાન્ય લોકોનું બજેટ ખોરવાઈ ગયું છે. સતત ભાવ વધારાને કારણે સીંગતેલનો ડબ્બો ફરી એકવાર ૩ હજારની નજીક પહોંચ્યો છે.

છેલ્લા ત્રણ દિવસથી સીંગતેલમાં ભાવ વધવાથી સીંગતેલના ભાવમાં ફરી એક વખત ઉછાળો જોવા મળ્યો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર હાલ મગફળી અને કપાસની આવક યાર્ડમાં ખુબ જ ઓછી છે. આ ઉપરાંત રાજ્યમાં કમોસમી વરસાદ પડ્યો છે. આ કમોસમી વરસાદને કારણે ઉનાળુ પાકને મોટા પાયે નુકસાન થયુ છે. આ કારણે સીંગતેલમાં ભાવ વધારો જોવા મળી રહ્યો છે.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા સાથી એપ્લીકેશન લોન્ચ કરાઈ

અમદાવાદ, તા.૯

વર્લ્ડ રેડ ક્રોસ રેડ ક્રેસેન્ટ ડે અને વર્લ્ડ થેલેસેમીયા ડે ની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા સાથી એપ્લીકેશન લોન્ચ કરાઈ. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન પદે રેમ્યા મોહન, આઈએએસમીશન ડાયરેક્ટર, નેશનલ હેલ્થ મિશન હાજર રહ્યા હતાં. અતિથી વિશેષ તરીકે ડો. રાજેશ ગોપાલ, નિયામક, જીએસસીબીટીતેમજ અજય પટેલ - ચેરમેન ગુજરાત રેડ ક્રોસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં થેલેસેમીક બાળકો તથા તેમનાં માતા-પિતાને મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ અને થેલેસેમિયા સારવાર માટે અદ્યતન સારવાર પધ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. થેલેસેમિક બાળકોની સાર-સંભાળ માટે વિશેષ યોગદાન, આપનારને આ પ્રસંગે સન્માનવામાં આવ્યા હતાં. થેલેસેમીયા મેજર બાળકોને તજજ્ઞ ડોક્ટર્સ મારકતે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તૈયાર કરવામાં આવેલ થેલેસેમીયા સાથી એપ્લીકેશનનું લોન્ચીંગ કરવામાં આવ્યુ. જેમાં ગુજરાતનાં ૪૦ જેટલા તજજ્ઞ હિમેટોલોજીસ્ટ, પીડીયાટીશ્યન, ગાયનેકોલોજીસ્ટ, ફીઝીશ્યન, જીનેટીશ્યન તથા જીનેટીક કાઉન્સેલર પેશન્ટસને જરૂરી માર્ગદર્શન પુરુ પાડશે તથા એપ્લીકેશન મારફત પેશન્ટસ પોતાની હેલ્થ સંબંધી સારવાર માટે જરૂરી માર્ગદર્શન ઘેર બેઠા નિઃશુલ્ક મેળવી શકશે. ગુજરાત રેડ ક્રોસનાં ચેરમેન અજય પટેલે જણાવ્યું કે, મેનેજમેન્ટ રેડ ક્રોસની મૃખ્ય પ્રવૃત્તિ છે અને દરેક જીલ્લામાં કુદરતી તેમજ માનવ સર્જીત આપત્તિ સમયે પહોચી વળવા ડૉક્ટર્સ, વકીલ, એન્જીનીયર્સ વિગેરેની એક ટીમ તૈયાર કરવાનું આયોજન છે જે આપત્તિ સમયે લોકોને સહાય - રાહત પહોંચાડી શકે. ઉપરાંત જુનિયર - યુથ રેડ કોસ કાર્યક્રમ

# ઓરડીમાં રહેતા પરિવારનું, ઘરના ઘરનું સ્વપ્ન થયું પૂર્ણ, પ્રધાનમંત્રી આવાસ યોજના થકી મળ્યો આશરો



સામાન્ય માણસને રહેવા માટે પોતાનું ઘરનું ઘર મળી શકે તેવા હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી જનજન સુધી પહોંચી રહેલી પ્રધાનમંત્રી આવાસ યોજનાને અમરેલીની ભાગોળે આવેલા પ્રતાપપુરા ગામના લાભાર્થીનું સ્વપ્ન પણ સાકાર કર્યું છે. સામાન્ય સ્થિતિમાં જીવતા અને મજૂરી કામ કરી અને પોતાનું પેટિયું રળતાં ભોળાભાઈ ત્રાડને પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામિણ) હેઠળ સહાય અને નિઃશુલ્ક પ્લોટ મળતા તેઓ પોતાનું પાકું મકાન બનાવી શકયા છે. સાત સભ્યોનો પરિવાર અગાઉ કાચા મકાનની ઓરડીમાં રહેતો હતો. દરમિયાન તેમને ગ્રામ સેવક દ્વારા આ યોજનાની માહિતી અને તેના ફાયદાઓ વિશે જાણ કરવામાં આવી હતી. આ સહાય થકી લાભાર્થીના પોતાના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું. સરકારનો આભાર વ્યકત કરતાં લાભાર્થી ભોળાભાઈ ત્રાડ જણાવે છે કે, હું છૂટક મજૂરી કામ કરીને પેટિયું રળું છું. આજીવિકાનો મુખ્ય આધાર છૂટક મજૂરી હોય તેની આવક નિયત કે નિર્ધારિત ન હોવાથી મારા માટે મારે ઘરનું ઘર હોય એ સ્વપ્ન જ હતું. અમારી આ સ્થિતિ હતી તે દરમિયાન અમારા ગ્રામ સેવક દ્વારા અમારો સામેથી સંપર્ક થયો અને એમણે અમને આ યોજનાકીય સહાય વિશે જણાવ્યું અને અમને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે તે વિશે પણ જણાવ્યું. અમે વર્ષ–૨૦૨૦–૨૧ની પ્રધાન મંત્રી આવાસ યોજના ગ્રામિણ હેઠળ સહાય મેળવવા માટે અરજી કરી હતી. આ મકાનના નિર્માણ માટે અત્યાર સુધીમાં અમને કુલ રૂા. ૧,૪૦,૦૦૦ની સહાય મળી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સરકારનો ખૂબ ખૂબ આભાર. લાભાર્થી ભોળાભાઈએ ઉમેર્યું કે તેમના પરિવારમાં, સંતાનોમાં પાંચ દીકરી અને એક દીકરો છે. પરિવારની આવકનું સાધન એટલું નિયત ન હોવાથી તેમને આ આવાસ સહાય થકી મકાન બાંધવામાં ઘણી મદદ મળી છે. અગાઉ પ્રતાપપુરામાં ઓરડીમાં જીવન જીવતા પરિવારને આશરો મળતા તેમનું સ્વપ્ન સાકાર થયુ છે.ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામિણ અંતર્ગત સમગ્ર રાજયમાં તા. ૬ મેની સ્થિઅિે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામિણ હેઠળ કુલ ૪,૦૬,૯૩૪ આવાસના કામ સમાપ્ત થયા છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં કુલ ૧,૯૯૭ આવાસના કામ સમાપ્ત થયા છે. આમ, સામાન્ય માણસની સુખાકારી અને સ્વપ્નનાં ઘરનો પાયાનો આધાર બની રહી છે પ્રધાનમંત્રી આવાસ યોજના.

## પાના ૧ ઉપરનું ચાલું ધારાસભ્ય મહેશ કસવાલા

પુર્વક કેવી રીતે બહેન દીકરીઓને તબાહ કરતી કેટલીક સચોટ હકીકત રજુ કરવામાં આવી છે. આતંકવાદની ડિઝાઈન અને સિસ્ટમ સાથે લવજેહાદની ભાવુકતામાં જિંદગી ગુમાવી બેસતી દીકરીઓની સંવેદનશીલ વાત રજુ કરવામાં આવી છે. દીકરીઓને ભોળવી ખોટા રસ્તે લઈ જતી સિસ્ટમ સામે સવાલ ઉઠાવતી અને પ્રોપેગેન્ડા નહી પરંતુ સત્ય હકીકત જણાવતી ફિલ્મ દરેક વ્યકિતએ પરિવાર સાથે જોવી જોઈએ સાવરકુંડલાનાં ધારાસભ્ય દ્વારા પ્રત્યેક ભારતીય નાગરિકને આ ફિલ્મ જોવા ખાસ અપીલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૫૦ | ૧૪૦૧ |
| ૨ | શિંગ મોટી | ૧૨૫૬ | ૧૪૬૩ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૮૩૬ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૨૬૫ |
| ૫ | તલ કાળા | ૨૬૨૦ | ૨૮૭૬ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૮૬૦ | ૩૦૧૨ |
| ૭ | બાજરો | ૩૯૨ | ૫૩૧ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૯૨૬ |
| ૯ | ઘંઉ ટુકડા | ૩૭૩ | ૬૪૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૧ |
| ૧૧ | મગ | ૧૭૧૪ | ૧૭૧૪ |
| ૧૨ | ચણા | ૭૦૪ | ૯૬૬ |
| ૧૩ | ચણા દેશી | ૮૦૦ | ૯૯૯ |
| ૧૪ | વટાણા | ૬૭૫ | ૬૭૫ |
| ૧૫ | તુવેર | ૯૮૫ | ૧૫૫૦ |
| ૧૬ | કપાસ | ૧૦૦૦ | ૧૬૧૭ |
| ૧૭ | એરંડા | ૧૦૯૦ | ૧૧૩૯ |
| ૧૮ | જીરૂ | ૩૧૦૦ | ૯૧૦૦ |
| ૧૯ | રાયડો | ૯૩૬ | ૯૩૬ |
| ૨૦ | રાય | ૯૭૦ | ૧૧૩૦ |
| ૨૧ | ઈસબગુલ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૨૨ | ધાણા | ૯૫૦ | ૧૫૮૨ |
| ૨૩ | ધાણી | ૧૧૬૦ | ૨૦૯૯ |
| ૨૪ | અજમા | ૧૮૦૦ | ૨૪૦૦ |
| ૨૫ | મેથી | ૭૦૦ | ૧૧૦૦ |
| ૨૬ | સોયાબીન | ૯૯૮ | ૧૦૨૬ |
| ૨૭ | વરીયાળી | ૨૩૬૦ | ૨૭૯૦ |

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મહેશભાઈ મગનભાઈ ચાવડા** રહે. મોટા દેવળીયા વાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

બાબરા
રે. સર્વે.નં. ૭૧૫ પૈકી બીનખેતી સબ પ્લોટ નં. ૩૯/૧
જેના ચો.મી. ૮૫–૧૨
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૧૦૭૭/૨૦૧૧ રજી. તારીખ : ૧૧/૦૮/૨૦૧૧

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) લખમણભાઈ કાળાભાઈ મારૂ (૨) જયંતિભાઈ હિરજીભાઈ પલસાણ (૩) ત્રિકમભાઈ ડાયાભાઈ તળાવીયા (૪) જમનાબેન નાનજીભાઈ રોજાસરા નં. ૧ થી ૪ નાં કુલમુખત્યાર ભૂપતભાઈ નાનજીભાઈ રોજાસરા પાસેથી દસ્તાવેજ નં. ૧૦૭૭/૨૦૧૧ તા. ૧૧/૦૮/૨૦૧૧નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૧૯/૦૩/૨૦૧૧નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૯/૦૫/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
એડવોકેટ

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૨૨૨ | ૧૩૯૫ |
| ૨ | શીંગ જીણી | ૧૧૬૧ | ૧૪૩૦ |
| ૩ | શીંગ મોટી | ૧૧૪૭ | ૧૪૯૦ |
| ૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૦૦૦ |
| ૫ | તલ કાળા | ૨૪૦૦ | ૨૭૦૦ |
| ૬ | જીરૂ | ૬૦૦૦ | ૯૦૦૧ |
| ૭ | કપાસ | ૧૪૫૧ | ૧૬૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૫ |
| ૧૦ | બાજરો | ૩૭૫ | ૫૨૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૮૯૦ |
| ૧૨ | મગ | ૧૫૦૦ | ૧૭૧૩ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | ચણા | ૮૩૦ | ૯૫૫ |
| ૧૫ | દેશી ચણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૬ | એરંડી | ૧૦૭૬ | ૧૧૭૦ |
| ૧૭ | મેથી | ૧૧૭૦ | – |
| ૧૮ | ધાણા | ૧૧૦૦ | ૧૫૦૩ |

## પાના ૧ ઉપરનું ચાલું દીપડાએ ૩ વર્ષનાં બાળક

પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને સિંહણને પીંજરે પુરી દેવામાં આવેલ છે.

આમ અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા તાલુકાનાં કરજાળા ગામે દીપડાએ ૩ વર્ષનાં બાળકને ફાડી ખાધા બાદ ૧૨ કલાકનો પણ સમય પસાર ન થયો હતો ત્યારે લીલીયા તાલુકાનાં ખારા ગામે ૫ માસનાં બાળ કને ફાડી ખાધાની ઘટના બનતા અમરેલી જિલ્લામાં સનસનાટી મચી જવા પામી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની સિવિલ હોસ્પિટલમાં

જમીનની ટ્રસ્ટનાં ખર્ચે માપણી કરાવી, માપણીશીટ મુજબ સ્થળે હદ નિશાન કરવા સુચના આપી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ ભાજપ કાર્યાલય તરફથી હોસ્પિટલનાં મેદાનમાંથી પસાર થતાં માણકસ્તંભ (વરસડા રોડ) સુધીનો અંદાજિત ૩૦૦થી ૪૦૦ મીટરનો માર્ગ છેલ્લા પાંચ વર્ષથી અતિ બિસ્માર બન્યો છે. દરરોજ એમ્બ્યુલન્સ, ખાનગી વાહનો, દર્દીઓનાં સગા–સંબધીઓ રીક્ષા, બાઈકમાં અવરજવર કરી રહ્યા હોય છતાં પણ ટ્રસ્ટ ધ્વારા માર્ગની મરામત કરવામાં આવતી નથી. ટ્રસ્ટ કહે આરોગ્ય વિભાગ માર્ગ બનાવશે, આરોગ્ય વિભાટ કહે ટ્રસ્ટ બનાવશે અને કોઈ કહે પાલિકા માર્ગ બનાવશે.

આમ સિવિલ હોસ્પિટલનો મહત્વનો માર્ગ બનાવવાની જવાબદારી સ્વાભાવિકપણે ટ્રસ્ટની હોવા છતાં પણ ટ્રસ્ટ છેલ્લા પાંચ વર્ષથી ઠાગાઠૈયા કરે છે. આ અંગે ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ માર્ગની સમસ્યા દૂર કરાવે તેવી માંગ ઉભી થઈ રહી છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૬૧૪ |
| ૨ | ધાણા | ૯૯૫ | ૧૨૧૦ |
| ૩ | ચણા | ૬૭૫ | ૯૧૪ |
| ૪ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૩૬ |
| ૫ | રાય | ૯૦૦ | ૧૦૭૫ |
| ૬ | તુવેર | ૮૨૫ | ૧૨૫૦ |
| ૭ | સોયાબીન | ૯૮૧ | ૯૮૬ |
| ૮ | મકાઈ | ૪૦૫ | ૪૯૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૪૩૦ |
| ૧૦ | છોલે ચણા | ૧૯૫૧ | ૧૯૫૧ |
| ૧૧ | મગફળી | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૨ | શીંગ ફાડા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | મગ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૪ | સફેદ તલ | ૨૩૩૦ | ૨૫૦૫ |
| ૧૫ | ચણા સફેદ | ૯૭૦ | ૧૦૪૦ |
| ૧૬ | એરંડા | ૧૦૯૨ | ૧૦૯૨ |


અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત

**સ્કૂલ-હોસ્ટેલમાં પ્રવેશ શરૂ (૨૦૨૩-૨૪)**

- આપના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રગતિનો પંથ એટલે ''વિદ્યાસભા સ્કૂલ કેમ્પસ–અમરેલી''
- વિષય નિષ્ણાંત તજજ્ઞો દ્વારા સંસ્કાર સાથે શ્રેષ્ઠ શિક્ષણ, બાળક પ્રેમી શિક્ષકો
- ભાર વિનાનું ભણતર, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયનું પ્રત્યક્ષ જ્ઞાન, JEE/NEETની તૈયારી સ્કૂલમાં
- દરેક વર્ગમાં સી.સી.ટી.વી. કેમેરા, વાહન સુવિધા, નિયમીત વિદ્યાર્થીઓનું મુલ્યાંકન
- ડિજિટલ એજ્યુકેશન સાથે ચારિત્ર્ય ઘડતર કરતી સ્કૂલ, ૨૩ થી પણ વધારે કલબ એકટીવીટી
- ગુજરાતમાં સૌથી ઓછી ફી ધરાવતી હોસ્ટેલ–સ્કૂલ સાથે શ્રેષ્ઠ રીઝલ્ટની ૧૦૦% ખાત્રી આપતી સ્કૂલ

જુજ સીટ જ બાકી હોય, વહેલા તે પહેલાના ધોરણે તત્કાલ પ્રવેશ મેળવી લેવા વિનંતી

સ્કૂલ કાર્યક્ષેત્ર: બાલમંદિર થી ધો. ૧૨ આર્ટસ / કોમર્સ / સાયન્સ ગુજરાતી અને ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ ગર્લ્સ અને બોયઝ

હોસ્ટેલ કાર્યક્ષેત્ર: ધોરણ–૪ થી ૧૨ ગર્લ્સ અને બોયઝ

અમારું શિક્ષણકાર્ય એ જ અમારી વિશેષતાઓ

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં. [illegible]
vidyasabhasankul@gmail.com
J-016


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૫૦ | ૫૪૦ |
| ૨ | જુવાર | ૫૨૫ | ૯૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૪૭૬ |
| ૪ | મગ | ૧૫૫૦ | ૧૯૦૧ |
| ૫ | અડદ | ૧૪૦૧ | ૧૫૦૧ |
| ૬ | તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૭ | ચણા | ૬૦૦ | ૯૫૦ |
| ૮ | અજમા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૯ | રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૦ | શીંગ | ૧૧૦૧ | ૧૩૪૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૮૭૦ |
| ૧૨ | તલ કાળા | ૨૮૦૧ | ૨૮૦૧ |
| ૧૩ | એરંડી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૪ | કપાસ | ૧૨૦૧ | ૧૫૯૦ |

# ધારી વિધાનસભા વિસ્તારમાં સતત બીજા દિવસે સાંસદ અને ધારાસભ્યનો પ્રવાસ




ગત તા. ૦૮ મે ૨૦૨૩ થી પ્રારંભ કરવામાં આવેલ ધારી વિધાનસભા સીટના પ્રવાસ અંતર્ગત પ્રવાસના બીજા દિવસે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય જે.વી.કાકડીયાએ વિધાનસભા હેઠળ આવતી શીલાણા, હડાળા, ખારી, જુના વાઘણીયા, બાલાપુર, માવજીંજવા, ડેરી પીપરીયા અને જુની હળીયાદ તાલુકા પંચાયત સીટનો અધિકારીઓ સાથે પ્રવાસ ખેડયો હતો. પ્રવાસ દરમ્યાન સાંસદ અને ધારાસભ્યએ બગસરા તાલુકાની (૧) શીલાણા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા શીલાણા, જામકા, સનાળીયા અને ખીજડીયા (૨) હડાળા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા હડાળા, નવા પીપરીયા અને આદપુર (૩) ખારી તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા ખારી અને નવા વાઘણીયા (૪) જુના વાઘણીયા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા જુના વાઘણીયા (૫) બાલાપુર તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા બાલાપુર અને પીઠડીયા (૬) માવજીંજવા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા માવજીંજવા (૭) ડેરી પીપરીયા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા ડેરી પીપરીયા, જેઠીયાવદર અને ચારણ પીપળી તેમજ(૮) જુની હળીયાદ તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા જુની હળીયાદ અને ઘંટીયાળ ગામના સ્થાનિકો તેમજ લોકોના વિવિધ પ્રશ્નો સાંભળેલ હતા અને સ્થળ પર જ મોટા ભાગના પ્રશ્નોનું નિરાકરણ લાવેલ હતું તેમજ જટીલ પ્રશ્નોના નિરાકરણ માટે ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સુચના આપેલ હતી. આ પ્રવાસ કાર્યક્રમમાં બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપભાઈ ભાખર, બગસરા તાલુકા ભાજપ મહામંત્રી ખોડાભાઈ સાવલીયા, જીલ્લા પંચાયત સભ્ય ધીરૂભાઈ માયાણી, જીલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહીડા, બગસરા શહેર ભાજપ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા, તાલુકા પંચાયત સભ્યો અશ્વિનભાઈ કોરાટ, ચંદુભાઈ નાકરાણી, તાલુકા ભાજપ પૂર્વ મહામંત્રી વિપુલભાઈ કયાડા, તાલુકા યુવા ભાજપ પ્રમુખ રાકેશભાઈ વઘાસીયા સહીત તાલુકા પંચાયતના સદસ્યો, સંગઠનના હોદેદારો, સરપંચો, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો અને તમામ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કેમ ના થઈ શક્યા લગ્ન ?

# અક્ષય અને રવીનાએ મંદિરમાં વિધિપૂર્વક કરી હતી સગાઈ

## ૧૯૯૦ના દાયકામાં અભિનેતા અક્ષય કુમાર અને રવીના ટંડને એકસાથે ઘણી હિટ ફિલ્મો આપી હતી



મુંબઈ, તા.૯

અક્ષય અને રવીના કરિયરની ટોચ પર હતા. 'મોહરા' જેવી ફિલ્મોમાં બંનેની જોડી પરફેક્ટ લાગી હતી. બંને પંજાબી પરિવારમાંથી હતા અને કહેવાય છે કે રવીનાએ તે દિવસોમાં ફિલ્મો સાઈન કરવાનું પણ બંધ કરી દીધું હતું કારણ કે અક્ષય તેને હાઉસવાઈફ તરીકે જોવા માગતો હતો. પણ, અક્ષય અને રવીના તે વાતનો સ્વીકાર કરી ચૂક્યા છે કે તેમણે સગાઈ કરી હતી. કહેવાય છે કે અક્ષય અને રવીનાનો પરિવાર દિલ્હીથી આવ્યો હતો અને એક્ટરના પરિવારના એક વડીલે તેમના માથા પર દુપટ્ટો પણ રાખ્યો હતો. આ વિધિમાં પૂજારીએ પૂજા પણ કરાવી હતી.

જોકે બાદમાં રવીનાએ કહ્યું હતું કે કદાચ આ કારણસર લોકો સગાઈને લગ્ન સમજ્યા હશે. બાદમાં અક્ષય અને રવીનાની સગાઈ તૂટી ગઈ અને તેઓ બંને પોતપોતાના જીવનમાં આગળ વધી ગયા. રવીના ટંડને વર્ષ ૨૦૦૪માં ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર અનિલ થડાની સાથે લગ્ન કર્યા અને જુલાઈ ૨૦૦૫માં દીકરી રશાનો જન્મ થયો. આ સિવાય તેમનો એક દીકરો પણ છે કે જેનું નામ રણવીરવર્ધન છે. આ સિવાય રવીના ટંડને ૨ દીકરીઓને દત્તક લીધી છે. લગ્ન પહેલા ૧૯૯૫માં રવીના ટંડને દીકરીઓ પૂજા અને છાયાને દત્તક લીધી હતી. બોલિવૂડ એક્ટ્રેસ રવીના ટંડને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ત્રણ દશકથી વધુ સમય સુધી કામ કર્યું છે, જ્યારે ૧૦૦થી વધુ ફિલ્મોમાં તેણે અભિનય કર્યો છે, જેમાં મોહરા, દિલવાલે અને અંદાજ અપના અપના જેવી સફળ ફિલ્મોમાં રવીના ટંડને યાદગાર રોલ નિભાવ્યો છે. ત્યારે રવીના ટંડન હાલ ખૂબ ખુશ છે કારણ કે, ભારત સરકાર દ્વારા રવીના ટંડનને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે.

રવીના ટંડનને દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે પદ્મશ્રી નું સન્માન મળ્યુ છે. બોલિવૂડના જાણીતા કપલ એવા એક્ટર અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્નાના લગ્નને ૨૨ વર્ષ પૂરા થઈ ગયા છે. તેઓ બંનેએ તારીખ ૧૭ જાન્યુઆરી, ૨૦૦૧ના દિવસે લગ્ન કર્યા હતા. જે રીતે અક્ષય કુમાર સફળ એક્ટર છે તે રીતે તેની એક્ટ્રેસ પત્ની ટ્વિંકલ ખન્ના પણ જાણીતી લેખિકા છે. અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્નાએ જે ફિલ્મોમાં એકસાથે કામ કર્યું તેમાં 'ઈન્ટરનેશનલ ખિલાડી', 'ઝુલ્મી'નો સમાવેશ થાય છે.

### કેટલાક તેની ટીકા પણ કરી રહ્યા છે

# જે ઈવેન્ટમાં માધુરી ચીફ ગેસ્ટ હતી ત્યાં ઉર્ફીને આવવાની ના પાડી દીધી?

## ઉર્ફીએ જાવેદે લખ્યું કે, મને ઈન્વાઈટ કરવા માટે આ ઈવેન્ટના લોકોએ મારી ટીમનો કોન્ટેક્ટ કર્યો હતો



મુંબઈ, તા.૯

ઉર્ફી જાવેદને હાલમાં જ એક ઈવેન્ટમાં બોલાવાઈ હતી. જ્યારે ઉર્ફી જાવેદ આ ઈવેન્ટમાં જવા માટે તૈયાર થઈ ગઈ તો પછી તેને ના પાડવામાં આવી. સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરતા ઉર્ફી જાવેદે જણાવ્યું કે, મને એક ઈવેન્ટમાં બોલાવવામાં આવી અને પછી ના પાડી દીધી. આ સાથે જ ઉર્ફી જાવેદે એક્ટ્રેસ માધુરી દીક્ષિતનો ફોટો શેર કર્યો છે.

ઉર્ફી જાવેદે લખ્યું કે, મને ઈન્વાઈટ કરવા માટે આ ઈવેન્ટના લોકોએ મારી ટીમનો કોન્ટેક્ટ કર્યો હતો. જ્યારે મેં આ ઈવેન્ટનું આમંત્રણ સ્વીકાર્યું અને મારા તમામ પ્લાન કેન્સલ કરી દીધા પછી મને ના પાડવામાં આવી. ઉર્ફી જાવેદે વધુમાં જણાવ્યું કે મેં તો આ ઈવેન્ટ માટે આઉટફિટની પણ વ્યવસ્થા કરી લીધી હતી. ત્યારે આખરી સમયે મારી ટીમને એવું જણાવાયું કે હું (ઉર્ફી જાવેદ) આ ઈવેન્ટમાં આમંત્રિત નથી. ૧૧.ઉર્ફી જાવેદે આગળ લખ્યું કે, જ્યારે અમે તે ઈવેન્ટની ટીમને કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે હું (ઉર્ફી જાવેદ) માધુરી દીક્ષિતના ગેસ્ટ લિસ્ટમાં સામેલ નથી. આ શું વાહિયાત કારણ છે. કોઈને ઈવેન્ટમાં આમંત્રણ આપ્યા પછી આ રીતે ના પાડશો નહીં. જ્યારે બીજી બાજુ તે ઈવેન્ટની ટીમના એક પ્રવક્તાએ જણાવ્યું કે, ઉર્ફી જાવેદની ટીમને આ સ્થિતિ વિશે પહેલા જ જણાવાયું હતું. ઉર્ફી જાવેદે જે કંઈ પણ કહ્યું તે ખોટું છે. અહીં નોંધનીય છે કે જે ઈવેન્ટમાં ઉર્ફી જાવેદને આમંત્રિત કર્યા પછી ના પાડવામાં આવી તેમાં એક્ટ્રેસ માધુરી દીક્ષિત ચીફ ગેસ્ટ હતી. એકસમયે ઉર્ફી જાવેદે કહ્યું હતું કે તે જીવનમાં ઘણી વખત નિષ્ફળ ગઈ છે. તેને લાગતું હતું કે આ સમસ્યામાંથી બહાર નીકળવા માટેનો એકમાત્ર ઉપાય જીવન ખતમ કરવાનો છે. રિયલ લાઈફમાં તેની સ્થિતિ ખૂબ ખરાબ હતી. નિષ્ફળ કરિયર, નિષ્ફળ રિલેશનશિપ અને આર્થિક તંગીના કારણે તેને એવું લાગતું હતું કે તેને જીવવાનો કોઈ અધિકાર નથી. ઉર્ફીએ કહ્યું કે આજે તેની પાસે વધારે પૈસા નથી, સફળ કરિયર નથી અને હજુ પણ સિંગલ છે પણ હવે તેની પાસે આશાનું કિરણ છે. ઉર્ફી જાવેદે એવું પણ કહ્યું હતું કે તે આજે જીવતી છે તેનું એકમાત્ર કારણ કે તે ક્યારેય રોકાઈ નથી. તે આગળ વધતી રહી અને આજે પણ આગળ વધી રહી છે. ભલે ત્યાં નથી પહોંચી કે જ્યાં તે પહોંચવા માગતી હતી પણ અત્યારે તે પોતાના રસ્તે છે. તે કહે છે કે જાગો, લડો અને ફરી આગળ વધો. તમે તમારી પરિસ્થિતિઓ કરતા વધારે મજબૂત છે.

### બેબી ગર્લને આપ્યું વચન

# સુકેશ બર્થ ડે પર જેક્લીનને શું સરપ્રાઈઝ આપવાનો છે?

## સુકેશનો વધુ એક પત્ર જેક્લીનના નામે આવ્યો છે, જેમાં તેણે જેક્લીનને બર્થ ડે પર મોટી સરપ્રાઈઝ આપવાની વાત કરી છે



મુંબઈ, તા.૯

૨૦૦ કરોડના મની લોન્ડ્રિંગના કેસમાં દિલ્હીની મંડોલી જેલમાં બંધ ઠગ સુકેશ ચંદ્રશેખર અને બોલિવુડ એક્ટ્રેસ જેક્લીન ફર્નાન્ડિઝ વચ્ચેનું કથિત અફેર ખાસ્સું ચર્ચામાં રહ્યું છે. સુકેશના કેસમાં જેક્લીનની પૂછપરછ કરવામાં આવી છે. બંનેની રોમેન્ટિક તસવીરો પણ વાયરલ થઈ હતી. આ તરફ જેલમાંથી સુકેશ અવારનવાર જેક્લીન માટે પત્રો લખતો રહે છે. આવો જ વધુ એક પત્ર સુકેશ પોતાની 'પ્રેમિકા' જેક્લીન માટે લખ્યો છે. આ પત્રમાં તેણે જણાવ્યું છે કે, ૧૧ ઓગસ્ટે જેક્લીનની બર્થ ડે છે ત્યારે તેણે સુપર સરપ્રાઈઝનું આયોજન કર્યું છે. એડવોકેટ અનંત મલિક થકી મોકલવામાં આવેલા પત્રમાં જેક્લીને ૬૮મા ફિલ્મફેર અવોર્ડમાં આપેલા પર્ફોર્મન્સના સુકેશે વખાણ કર્યા છે. તેણે કહ્યું કે, જેક્લીનનું શાનદાર પર્ફોર્મન્સ જોઈને તે ફરી એકવાર તેના પ્રેમમાં પડી ગયો છે. જેક્લીન માટે પોતાનો પ્રેમ વ્યક્ત કરતાં સુકેશે 'માય ક્વીન', 'બોટા બોમ્મા' અને 'માય બેબી' જેવા વિશ્લેષણો વાપર્યા છે. માય લવ, માય બેબી જેક્લીન, માય બોમ્મા ૨૮ એપ્રિલે મેં ફિલ્મફેર અવોર્ડ્સ જોયા. મારે સ્વીકારવું જ રહ્યું કે તેમાં તું સુંદર લાગતી હતી અને તારું પર્ફોર્મન્સ ધમાકેદાર હતું. આખા કાર્યક્રમમાં તારો ડાન્સ સૌથી શ્રેષ્ઠ હતો બેબી. તું ક્લાસી, સુપર હોટ અને અનોખી લાગતી હતી. તેમાં તમે જોઈને હું ફરીથી તારા પ્રેમમાં પડી ગયો. તને વર્ણવવા માટે મારી પાસે શબ્દો નથી, તું બોમ્બ છે, સુપર સ્ટાર છે મારી બેબી ગર્લ", તેમ સુકેશે પત્રમાં લખ્યું છે. પત્રમાં સુકેશે આગળ લખ્યું, "મારી રાણી, ઈશ્વરની કૃપા છે કે મારી જિંદગીમાં તું છે.બોટા બોમ્મા હું તને ખૂબ પ્રેમ કરું છું. તું મારું સર્વસ્વ છે અને દરેક વીતતી ક્ષણે હું તારા વિશે વિચારું છું. તું પણ જાણે છે કે હું તને ગાંડાની માફક પ્રેમ કરું છું અને મને ખબર છે કે તું પણ મને એટલો જ પ્રેમ કરે છે. હું તને ખૂબ યાદ કરું છું. મેં તારા બર્થ ડે માટે સુપર સરપ્રાઈઝ પ્લાન કરી છે, જે તને ખૂબ ગમશે. હું મારું વચન પાળીશ. તારા ચહેરા પર હંમેશા સ્મિત રહે તેવી મારી ઈચ્છા છે. હું અહીં જ છું. ચિંતા ના કર બેબી, સત્ય બહાર આવવાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે." જણાવી દઈએ કે, અગાઉ સુકેશે ઈસ્ટર પર જેક્લીનને પત્ર લખ્યો હતો અને કહ્યું હતું કે આવતા વર્ષની ઈસ્ટર તેના જીવનની શ્રેષ્ઠ ઈસ્ટર હશે. અગાઉ હોળી પર પણ જેક્લીન માટે સુકેશે જેલમાંથી પત્ર મોકલ્યો હતો.

### છતાં શાંતિથી સમજાવતો રહ્યો ગાયક

# લાઈવ શોમાં ફેન્સે હાથ ખેંચતાં અરિજિત સિંઘ થયો ઈજાગ્રસ્ત

## અરિજિત સિંઘે કહ્યું તું મને ખેંચી રહ્યો હતો, પ્લીઝ સ્ટેજ પર આવી જા, હું સ્ટ્રગલ કરી રહ્યો છું, સમજે છે?





મુંબઈ, તા.૯ , મહારાષ્ટ્રના ઓરંગાબાદમાં રવિવારે બોલીવુડ સિંગર અરિજિત સિંઘ લાઈવ પર્ફોર્મન્સ આપી રહ્યો હતો. તે દરમિયાન અરિજિત સિંઘ દર્શકો સાથે વાતચીત કરી રહ્યો હતો. ત્યારે એક ફેને તેની સાથે ગેરવર્તણૂક કરી તેનો હાથ ખેંચી લીધો હતો. આના કારણે અરિજિત સિંઘ ઈજાગ્રસ્ત થયો હતો. આ ઘટના પછી કોન્સર્ટને રોકી દેવામાં આવી હતી. જોકે, આ ઈવેન્ટનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં અરિજિત ધીરજની સાથે એક ફેન સાથે વાત કરી રહ્યો છે. અરિજિત સ્ટેજ પરથી જ તેને સમજાવવા લાગે છે. આ વીડિયોમાં અરિજિત સિંઘ કહી રહ્યો છે કે, તું મને ખેંચી રહ્યો હતો. પ્લીઝ સ્ટેજ પર આવી જા. સાંભળ, હું સ્ટ્રગલ કરી રહ્યો છું, બરાબર છે? તારે આ સમજવું પડશે. ફેનના જવાબ પછી અરિજિતે કહ્યું હતું કે, તમે અહીં મજા માણવા આવ્યા છો. કોઈ તકલીફ નથી, પરંતુ હું પર્ફોર્મ નથી કરી શકતો, એટલે તમે મજા પણ નહીં માણી શકો. આ એક સામાન્ય વાત છે. તું મને ખેંચી રહ્યો છે, હવે મારા હાથ ધ્રૂજી રહ્યા છે. શું હું જતો રહું? આ ઘટનાનો વીડિયો સામે આવતાં જ ગેરવર્તણૂક કરનારા ફેન સામે લોકો રોષે ભરાયા હતા. સોશિયલ મીડિયા પર વીડિયો પર પ્રતિક્રિયા આપતા એક યુઝરે કમેન્ટ કરી અરિજિત સિંઘના વખાણ કર્યા હતા. એક યુઝરે લખ્યું હતું કે, એક કલાકાર એક કલાકાર એક ફેન માટે રોકાયા વગર ૪ કલાક સુધી દિલથી પર્ફોર્મ કરે છે. મહેરબાની કરીને તેની મજા માણો પણ સાથે સાથે વિનમ્ર પણ રહો. જોકે, દિલ તોડી નાખી દે તેવી ઘટના છે. વધુ એક યુઝરે કમેન્ટ કરી હતી કે, એક ફેન તરીકે આ ઘટના અંગે શરમ અનુભવી રહ્યો છું. પ્લીઝ ગેટ વેલ સૂન લિજેન્ડ. રિદ્ધિ સિદ્ધિ લેન્ડમાર્કમાં આ કોન્સર્ટ થઈ હતી, જ્યાં એક ફેને અરિજિત સિંઘ સાથે ગેરવર્તણૂક કરી હતી. તેમ છતાં અરિજિતે ગાવાનું ચાલુ જ રાખ્યું હતું. અરિજિતે અહીં લાઈવ ચન્ના મેરેયા, તુમ હી હો, ફિર લે આયા દિલ, દૂઆ અને ઝૂમે જો પઠાન જેવા ગીતો ગાયા

### શાંત રહેવાની આપતો રહે છે સલાહ

# આલિયા ગુસ્સો કરે તે પતિ રણબીરને જરાય નથી પસંદ

## આલિયાને કોઈ પણ કામ અધૂરું છોડવું ગમતું નથી અને જ્યારે કોઈ કામ અધૂરું રહી જાય છે ત્યારે તેને ગુસ્સો આવે છે



મુંબઈ, તા.૯

આલિયા ભટ્ટે હાલમાં જ મેટ ગાલા ૨૦૨૩ના રેડ કાર્પેટ પર ડેબ્યૂ કર્યું હતું અને બ્યૂટીફૂલ આઉટફિટને લઈને ચર્ચામાં રહી હતી. એક્ટ્રેસ પોતાની પ્રોફેશનલ ડ્યૂટી નિભાવવાની સાથે-સાથે છેલ્લા એક વર્ષથી પર્સનલ લાઈફમાં પણ ખૂબ જ વ્યસ્ત જોવા મળી રહી છે. પાંચ વર્ષના રિલેશનશિપ બાદ ગત વર્ષે એપ્રિલ મહિનામાં તેણે રણબીર કપૂર સાથે લગ્ન કર્યા હતા અને નવેમ્બરમાં દીકરી રાહાને જન્મ આપ્યો હતો. એક્ટ્રેસ અવારનવાર બંને વિશે વાતો કરતી રહે છે, જે તેના ફેન્સને પણ ગમે છે. હાલમાં આલિયાએ પતિને તેની કઈ વાત પસંદ નથી અને ઘરમાં તેનું વર્તન કેવું હોય છે તેના વિશે ખુલાસો કર્યો હતો. આલિયા ભટ્ટે લેટેસ્ટ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તેને કોઈ પણ કામ અધૂરું છોડવું ગમતું નથી અને જ્યારે કોઈ કામ અધૂરું રહી જાય છે ત્યારે તેને ગુસ્સો આવે છે. તેણે ઉમેર્યું હતું કે 'કોઈ એવી વાત જે મને તરત જ ગુસ્સો અપાવે છે તો તે છે અધૂરું કામ. હું મારા ગુસ્સાને કાબૂમાં રાખવા માટે ઘણી મહેનત કરું છું કારણ કે મારો અવાજ ઊંચો જાય તે મારા પતિને જરાય ગમતું નથી. તેમનું માનવું છે કે, આ વાત યોગ્ય નથી અને ત્યારે તમને નાખુશ હોવ ત્યારે પણ દરેક પ્રત્યે દયા દાખવવી જોઈએ. રણબીર એકદમ શાંત છે. તે કોઈ પણ સ્થિતિમાં ગુસ્સે થતો નથી. તેનું મગજ સંત જેવું છે. ૨૦૨૨નું વર્ષ માત્ર પર્સનલ જ નહીં પરંતુ પ્રોફેશનલી રીતે પણ આલિયા ભટ્ટ માટે શાનદાર રહ્યું હતું. થિયેટરમાં રિલીઝ થયેલી ફિલ્મ ગંગુબાઈ કાઠિયાવાડી અને **RRR**ને બોક્સઓફિસ પર જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો તો ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી ફિલ્મ ડાર્લિંગ્સમાં પણ તેની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા. જો કે, સંજય લીલા ભણસાલીના ડિરેક્શનમાં બનેલી ગંગુબાઈ કાઠિયાવાડી હંમેશા તેના માટે ખાસ રહેશે. કારણ કે, આ તેના માટે પહેલી તેવી ફિલ્મ હતી જેમાં લીડ રોલમાં તે એકલી હતી. તેણે આ વિશે વાત કરતાં કહ્યું હતું કે 'બોક્સઓફિસ પર ગંગુબાઈ કાઠિયાવાડી હિટ જતાં મને તેમા કામ કરવાનો કોઈ પસ્તાવો નથી. કારણ કે, મારા ડ્રીમ ફિલ્મમેકર સંજય લીલા ભણસાલી સાથે મારું પહેલું અસોસિએશન હતું. અમે સાથે મળીને તે કરી શક્યા તેની મને ખુશી છે. આલિયા ભટ્ટ ફિટનેસ ફ્રિક છે, દીકરી રાહાના જન્મના થોડા સમય બાદ પણ તે વર્કઆઉટ કરવા લાગી હતી. તેનું કહેવું છે કે, એક્સર્સાઈઝ વગર તેના દિવસની શરૂઆત થતી નથી. તે પોતાને હંમેશા ફિટ રાખવામાં માને છે. આલિયા અને રણબીરની વાત કરીએ તો, અયાન મુખર્જીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'ના સેટ પર બંનેની મુલાકાત થઈ હતી. આલિયાને પહેલાથી જ રણબીર પર ક્રશ હતો. આ ફિલ્મના સેટ પર મળ્યા તે પહેલા આલિયાનું સિદ્ધાર્થ મલ્હોત્રા જ્યારે રણબીરનું કેટરીના કૈફ સાથે બ્રેકઅપ થયું હતું. સાથે કામ કરતી વખતે બંને ક્લોઝ આવ્યા હતા અને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. ૨૦૨૨માં આખરે તેમણે સંબંધોને એક નવું નામ આપવાનું નક્કી કર્યું હતું. લગ્ન એક્ટરના ઘરમાં જ થયા હતા અને તેમાં માત્ર બંનેના પરિવારના સભ્યો તેમજ ક્લોઝ ફ્રેન્ડ્સને આમંત્રિત કરાયા હતા. વરઘોડો પણ બિલ્ડિંગની લોબીમાં નીકાળવામાં આવ્યો હતો. જે બાદ તેમણે રિસેપ્શન યોજ્યું હતું અને તેમાં પણ ગણ્યાં-ગાંઠ્યા લોકોને બોલાવ્યા હતા. બે મહિના બાદ કપલે પ્રેગ્નેન્સીની જાહેરાત કરી હતી અને નવેમ્બરમાં રાહાનો જન્મ થયો હતો.

### વાસણ ધોઈને આપી સેવા

# ફિલ્મ IB 71ની રિલીઝ પહેલા સુવર્ણ મંદિર પહોંચ્યો વિદ્યુત જામવાલ

## વિદ્યુતે આ એક્શન ફિલ્મથી નિર્માતા તરીકે પણ ડેબ્યુ કર્યું છે, આ ફિલ્મ ૧૨ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

મુંબઈ, તા.૯

બોલિવૂડ એક્શન હીરો વિદ્યુત જામવાલ તેની આગામી ફિલ્મ 'IB ૭૧' માટે ખૂબ જ ચર્ચામાં છે. આ ફિલ્મ તેના માટે ખૂબ જ ખાસ છે. આ તેના પ્રોડક્શનની પ્રથમ ફિલ્મ છે. ત્યારે અભિનેતા ફિલ્મના પ્રમોશન માટે અમૃતસર પહોંચ્યો હતો. જ્યાં તેણે સુવર્ણ મંદિરે પહોંચી આશીર્વાદ લીધા અને સેવા પણ કરી. અભિનેતાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તે સુવર્ણ મંદિરની મુલાકાત લેતો જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં આ દરમિયાન તેણે ભક્તોની સાથે સેવા પણ કરી હતી. આ દરમિયાન અભિનેતા લંગરના વાસણ ધોતા જોવા મળ્યો હતો. બોલિવૂડનો એક્શન હીરો વિદ્યુત જામવાલ ઘણાં દિવસોથી મોટા પડદા પરથી ગાયબ છે. આ વખતે તે નિર્માતા તરીકે આવી રહ્યો છે. વિદ્યુત જામવાલની આગામી ફિલ્મ IB 71 ૧૨મી મેના રોજ મોટા પડદા પર આવવાની છે. એક્ટર હવે સંકલ્પ રેડ્ડી દ્વારા નિર્દેશિત ફિલ્મ 'IB 71' સાથે સ્ક્રીન પર દેખાવાની તૈયારી કરી રહ્યો છે. 'IB 71' ગુલશન કુમાર T-Series Films અને Reliance Entertainment દ્વારા રજૂ કરાઈ છે. વિદ્યુત જામવાલ, અનુપમ ખેર અને વિશાલ જેઠવા મુખ્ય ભૂમિકામાં છે. વિદ્યુત જામવાલ અને અબ્બાસ સૈયદ દ્વારા નિર્મિત, આદિત્ય શાસ્ત્રી, આદિત્ય ચોક્સી અને શિવ ચનાના સહ-નિર્માતા છે. અહીં નોંધનીય છે કે ફિલ્મ 'ફોર્સ'થી બોલિવૂડમાં ડેબ્યુ કરનાર એક્ટર વિદ્યુત જામવાલ તેના એક્શન સીન્સથી હંમેશાં ચર્ચામાં રહે છે. વિદ્યુત જામવાલની જાણીતી હિન્દી ફિલ્મોમાં 'જંગલી', 'કમાન્ડો સિરીઝ', 'યારા', 'ખુદા હાફીઝ', 'ધ પાવર' અને 'બુલેટ રાજા' વગેરેનો સમાવેશ થાય છે. ૪૦ વર્ષનો વિદ્યુત જામવાલ પ્રશિક્ષિત માર્શલ આર્ટિસ્ટ છે. મહાન હોલિવૂડ ડિરેક્ટર ક્રિસ્ટોફર નોલાનની વર્ષ ૨૦૨૩ની સૌથી મોટી ફિલ્મ 'ઓપેનહાઈમર' રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મ વૈજ્ઞાનિક જે. રોબર્ટ ઓપેનહેઈમરના જીવન પર આધારિત છે, જેમને અણુ બોમ્બની શોધ કરવાનો શ્રેય આપવામાં આવે છે. ૩ મિનિટના ટ્રેલરમાં એક અલગ જ દુનિયા જોવા મળે છે. 'ઓપનહેઈમર' અમેરિકન વૈજ્ઞાનિક જે રોબર્ટ ઓપેનહેઈમર અને તેમના મેનહટન પ્રોજેક્ટની વાર્તા કહે છે, જે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સેટ કરવામાં આવી હતી. આ ફિલ્મ ૨૧ જુલાઈએ રિલીઝ થશે.

# કેટરિના કૈફએ શર્ટના બટન ખોલી ફ્લોન્ટ કર્યું ક્લિવેજ

## કેટરિના કૈફ બી-ટાઉન ઈવેન્ટ્સ, પાર્ટીઓથી દૂર છે પરંતુ તે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે

મુંબઈ, તા.૯

થોડા સમય પહેલા કેટરિના કૈફે પોતાના નવા ફોટોઝથી સોશિયલ મીડિયાની રોનકમાં વધારો કરી દીધો છે. કેટરીનાના લેટેસ્ટ ફોટો ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે. બોલિવૂડ એક્ટ્રેસ કેટરિના કૈફ પોતાના દમદાર અભિનયની સાથે સાથે પોતાની સુંદરતા માટે પણ ચર્ચામાં રહે છે. કેટરિના કૈફે ઈન્સ્ટાગ્રામ પર નવા ફોટામાં બ્લુ કલરની સ્ટ્રીપ્ડ શર્ટ પહેરીને ખૂબ જ શાનદાર ફોટો પોસ્ટ કર્યા છે. લેટેસ્ટ ફોટોઝમાં કેટરીના કૈફ તેના શર્ટનું બટન ખોલીને ઘરની બાલ્કનીમાં પોઝ આપતી જોવા મળે છે. તેણીએ પોતાના વાળનું બન બાંધ્યુ છે જેમાં એક્ટ્રેસ ખૂબ જ સુંદર દેખાઈ રહી છે. નવા ફોટોમાં કેટરીવના કૈફ ચહેરા પર જે રીતે ઝુલ્ફો લહેરાવી રહી છે. આ જોઈને ફેન્સ પણ પોતાના દિલ પર કાબૂ નહીં રાખી શક્યા હોય. ફેન્સને કેટરીનાના આ ફોટો ખૂબ જ પંસદ આવી રહ્યા છે. એક્ટ્રેસના ચાહકો સતત કોમેન્ટ કરીને તેના વખાણ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, હાલ અભિનેત્રી પોતાની પ્રેગ્નન્સી પ્લાનિંગને લઈને ઘણી ચર્ચામાં છે. તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે અભિનેત્રીએ તેના કેટલાક મિત્રો સાથે તેના પ્રેગ્નેન્સી પ્લાન શેર કર્યા છે. જેમાં એક્ટ્રેસે જણાવ્યું છે કે તેની નિર્ધારિત ફિલ્મોનું શૂટિંગ પૂર્ણ કર્યા બાદ તે ફેમિલી પ્લાનિંગ કરશે. કેટરિના કૈફના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અભિનેત્રી છેલ્લે ફોનભૂતમાં જોવા મળી હતી. કોમેડી ફિલ્મ બાદ કેટરીના કૈફ હવે સલમાન ખાન સાથે એક્શન-થ્રિલર ફિલ્મ ટાઈગર ૩માં જોવા મળશે.

